AATAPI
आतापी
આતાપી સેવા ફાઉન્ડેશન

# વાર્ષિક પ્રવૃત્તિ–અહેવાલ

## એપ્રિલ ૨૦૧૫ – માર્ચ ૨૦૧૬



# પ્રસ્તાવના

હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને જરૂરિયાતમંદ લોકોને ઉપલબ્ધ સંસાધનોનો લાભ મળે તે માટે સમુદાયના લોકો તથા સરકારી અને બિન-સરકારી હિતધારકોને ટેકો પૂરો પાડવાની 'આતાપી સેવા ફાઉન્ડેશન'ની યાત્રાને સાત વર્ષ પૂરાં થયાં. 'આતાપી'એ સમુદાયના લોકોને આત્મસન્માન અને આત્મવિશ્વાસભરી જિંદગી જીવવાની રાહ ચીંધી છે. આનંદભર્યા, પ્રગતિશીલ અને જાગૃત સમુદાયોની આશા જગાવવા માટે ખેતીક્ષેત્રમાં હકારાત્મક બદલાવ, મહિલાઓ તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સશક્તિકરણ તેમ જ ગુણવત્તાભર્યા શિક્ષણની કામગીરી થઈ રહી છે. આ પ્રકારનાં જોડાણો અનેકગણા થાય તે માટે તથા સંસાધનો એકત્ર કરી તેનો મહત્તમ ઉપયોગ કરવા માટે 'આતાપી' એ એક ફળદ્રુપ મંચ સર્જ્યો છે. તે 'આતાપી'ના ફેલાવામાં પણ પ્રતિબિંબિત થાય છે. 'ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' અને જંબુસર તાલુકાનાં ચાર ગામોના ક્રિયાશીલ જોડાણના ફળસ્વરૂપે જંબુસર તાલુકામાં 'આતાપી સેવા ફાઉન્ડેશન'ની શરૂઆત થઈ. ઈટીએમએલલ, ૧૯૯૨માં સ્થપાઈ ત્યારથી સામાજિક સેવા ક્ષેત્રે સક્રિય છે.

દ્ધઆતાપી સેવા ફાઉન્ડેશનનનાં ધ્યેય અને વિચારધારાને 'આતાપી' શબ્દમાંથી પ્રેરણા મળે છે. પાલી ભાષાનો આ શબ્દ બૌદ્ધધર્મી શિક્ષણમાંથી આવ્યો છે. 'આ' એટલે 'બધી દિશાઓમાંથી' અને 'તાપી' એટલે 'તપ' (તપ એટલે ખૂબ મહેનતનું કાર્ય), 'આતાપી સેવા ફાઉન્ડેશન'માં આ બાબત પ્રતિબદ્ધ, નિષ્ઠાવાન, સર્વાંગી અને અથાક પ્રયાસ તરીકે આત્મસાત્ થયેલી છે. ઉપરાંત, આતાપી ટીમ અને બીજા હિત ધારકોના જોમવંતા જોડાણ તેમ જ સમુદાયની સક્રિય સહભાગિતા સાથે સમુદાય વિકાસની કામગીરીમાં નક્કી કરેલા ઉદ્દેશ્ય હાંસલ કરવા માટે એક મૂલ્ય તરીકે આ બાબત આત્મસાત્ થયેલી છે.

સમુદાયના લોકોનું ક્ષમતા-વર્ધન કરીને અને તેમનામાં સંવેદનશીલતા જગાવીને, તેમનામાં રહેલી જન્મજાત શક્તિઓને જાતે જ વિકસાવવા માટે તેમને તૈયાર કરવા માટે 'આતાપી' મથે છે.

## હેતુ અને અભિગમ

માનવ અધિકારોને સુનિશ્ચિત કરવા અને તેને પ્રોત્સાહન આપવું.

ગરીમા - સુરક્ષા - સમાનતા - શાંતિ

## સર્વાંગી ગ્રામ વિકાસ


સામુદાયિક ભાગીદારોમાં રહેલી આંતરિક ક્ષમતાઓ બહાર લાવવી

## રણનીતિ

**વ્યક્તિ - જૂથ - સમુદાય**

- સમુદાય આધારિત સંસ્થાઓ અને સામુદાયિક આગેવાનોને પ્રોત્સાહન આપવું, તેમનું સંવર્ધન કરવું અને તેમનું સશક્તિકરણ કરવું.
- સમુદાયોનું સશક્તિકરણ કરવા માટે વધુને વધુ સંસાધનો તથા શક્તિ ઊભી થાય તે માટે સમુદાય, જવાબદારી નિભાવનારા તેમ જ જોડાણકર્તાઓ જેવા બધા જ હિતધારકોને એકસાથે લાવવા.
- વિસ્તારના ઉદ્યોગો/ કૉર્પોરેટ્સ સાથે ભાગીદારી અને જોડાણને પ્રોત્સાહન આપવું.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં 'આતાપી'નાં કાર્યોના વ્યાપનો ભૌગોલિક વિસ્તાર




## જંબુસર તાલુકાનાં ગામોમાં 'આતાપી'નો હાલનો વ્યાપ

- કાર્યક્ષેત્રનાં ગામો: ગજેરા, વેડચ, પિલુદરા, કારેલી, ઉબેર, નોંધણા, બોજાદરા, કહાનવા, વહેલમ, વાવલી, ઉચ્છદ, ડાભા, ભણખેતર, અણખી, સારોદ, જાફરપુરા, ઉમરા, નોબાર
- નાણાકીય ટેકો: ટીએમએલ, નવાજબાઈ રતન ટાટા ટ્રસ્ટ, એસએફસીટી, પી.આઈ.ફાઉન્ડેશન, ઍકસેલ ઈન્ડસ્ટ્રીઝ લિ.

| ક્રમ | કાર્યક્રમ/કુલ ગામો | કુલ સંગઠનો | કુલ સભાસદ | જોડાણ |
|---|---|---|---|---|
| ૧. | ખેતી વિકાસ- (ખેડૂત જૂથ) નાના અને સીમાંત ખેડૂતો/ કુલ ૨૦ ગામો | ૬૬ | ૧૩૫૪ | કૉસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ (સીએસપીસી), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-ચાસવડ (કેવીકે) સેન્ટ્રલ સોઈલ એન્ડ સેલિનિટી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએસએસઆર આઈ) એગ્રિકલ્ચર ટેકનોલૉજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) |
| ૨. | વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સશક્તિકરણ/ કુલ ૨૦ ગામો | ૧ | ૭૦૦થી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે જોડાણ | વી-વન વડોદરા, ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ, સમાજ સુરક્ષા ખાતુ-ભરૂચ, સિવિલ હૉસ્પિટલ- ભરૂચ |
| ૩. | મહિલાઓ અને આજીવિકા સામાજિક અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓ- ખાસ એકલનારી | ૮૮ | ૧૩૧૮ (૩૦૦ એકલનારીઓ) | સહિયર જો સંગઠન, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થા, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની |
| ૪. | સર્વસમાવેશી/ સમ્મિલિત શિક્ષણ કાર્યક્રમ મ દેવીપૂજક સમુદાય | | ૨૫ બાળકો | ગજેરા ગામ |
| | કુલ | ૧૫૫ | ૩૩૯૭ | |

# ૧. ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ

નાના અને સીમાંત ખેડૂતોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં હકારાત્મક બદલાવ આવે તે માટે 'ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ' હાથ ધરવામાં આવ્યો છે.

'આતાપી સેવા ફાઉન્ડેશન' જ્યાં કાર્યરત છે તે ભરૂચ જિલ્લાનો જંબુસર તાલુકો દરિયા કિનારાથી માત્ર ૧૫ કિમી દૂર છે. તેથી અહીંનાં ગામોનાં પાણી અને જમીનમાં ખારાશનું ઊંચું પ્રમાણ જોવા મળે છે. અહીં ૧,૦૫,૮૬૩ હૅક્ટરના કુલ જમીન વિસ્તારમાંથી માત્ર ૪૭૩ હૅક્ટર જમીન જ સિંચાઈગ્રસ્ત છે. ઓછા વરસાદને કારણે અહીંની ખેતી, કૂવા અને નર્મદા કેનાલનાં પાણી ઉપર નિર્ભર છે. ઓછા વરસાદને કારણે આ વિસ્તાર દુષ્કાળ સંભવિત વિસ્તાર છે. અહીં મુખ્યત્વે કપાસ, તુવેર, ડાંગર, તલ, બાજરી, એરંડા જેવા પાક થાય છે. 'આતાપી'ના કાર્યક્ષેત્રના ૮૭ ટકા ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે. ઓછી જમીન હોવાથી અને ખેતીમાંથી ફાયદાકારક પરિણામ ન મળતું હોવાથી માત્ર ખેતીની આવક ઉપર નિર્ભર રહેવું તેમના માટે મુશ્કેલીભર્યું છે. આવી પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે 'આતાપી' છેલ્લાં સાત વર્ષથી ખેતી અને પાક સુધારણા માટે કાર્યરત છે.

એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ દરમ્યાન 'ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ' હેઠળ ખેડૂતોને વૈજ્ઞાનિક તથા લાંબા ગાળે ટકાઉ એવી ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવાનું ધ્યેય હતું. આ કાર્યક્રમ હેઠળ જંબુસર તાલુકાનાં ૨૦ ગામોને આવરી લેવામાં આવ્યાં.

'આતાપી' દ્વારા ખેડૂતોનાં જૂથો રચવામાં આવ્યાં છે. છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન કુલ ૨૦ ગામોનાં ૭૦ ખેડૂત-જૂથોની રચના કરીને ૧૦૩૫ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. ખેડૂતો સાથે નેતૃત્વ વિકાસની તાલીમ, કૉમ્યુનિકેશન સેન્ટરોની રચના, વરસાદી પાણીનો સંગ્રહ, બાગાયતી પાકોની વાવણી જેવાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં. આ ખેડૂત-જૂથોને 'આત્મા પ્રોજેક્ટ' સાથે જોડવામાં આવ્યા છે. ખેતી ક્ષેત્રે જોડાયેલી મહિલાઓની, ખેડૂત તરીકે ઓળખ ઊભી થાય એ દિશામાં ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા.

આ માટે આતાપી દ્વારા નીચે મુજબના બે પ્રકારના અભિગમ અપનાવવામાં આવ્યા છે:

**૧. આવકમાં વધારો**

- સંસાધનો સુધી પહોંચ વધારવી
  જ્ઞાન- સરકારી, બિનસરકારી નિષ્ણાતો તથા સંસ્થાઓ સાથે જોડાણ; ખેતી માટે પાણી; યોજનાઓ તથા નાણાકીય સંસાધનો સાથે જોડાણ; પશુપાલન સાથે જોડીને સંકલિત આવક.
- ખેતી પદ્ધતિમાં બદલાવ
  ખારાશ પ્રતિરોધક ખેતી પદ્ધતિઓ, સકારાત્મક પારંપરિક પદ્ધતિઓની દિશામાં પ્રયાણ, ઉત્પાદન ખર્ચ ઘટાડવો, ઉત્પાદન વધારવું.

**૨. સ્ત્રી તથા પુરુષ - બંનેની ખેડૂત તરીકેની ગરિમા અને ઓળખ**

- મૂલ્ય આધારિત નેતૃત્ત્વનો વિકાસ
- ખેડૂત સંગઠનોની સ્થાપના અને વિકાસ
- બહેનોની ખેડૂત તરીકેની પુનઃઓળખ

વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવેલી મુખ્ય પ્રવૃત્તિઓની વિગતો નીચે મુજબ છે:

**(ક) જમીનની તૈયારીના ભાગરૂપે જમીન ચકાસણી**

ખેડૂતો પોતાની જમીનની ચકાસણી કરીને પોતાની જમીન વિશે જાણકારી મેળવતા થાય તેમ જ જમીનને અનુરૂપ ખાતરનો ઉપયોગ કરતા થાય તે હેતુથી જુદીજુદી પાંચ તાલીમો યોજીને કુલ ૭૯ ખેડૂતોને જમીનના નમૂના લેવાનું શીખવવામાં આવ્યું. તેમાંથી ખેડૂત-બહેનો સહિત કુલ ૭૨ ખેડૂતોની જમીનના નમૂના એકઠા કરીને વડોદરાની 'ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કૅમિકલ્સ' (જીએસએફસી)ને ચકાસણી માટે મોકલવામાં આવ્યા. જમીન ચકાસણી દરમ્યાન સેન્દ્રિય કાર્બન, ફોસ્ફરસ, પોટાશ, પી.એચ., વિદ્યુત વાહકતા, પીપીએમ, જસત, લોહ, મેંગેનિઝ, તાંબુ જેવાં તત્વોની ચકાસણી કરીને ખેડૂતોને તે મુજબ સૂચનો અને માર્ગદર્શન પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જમીનની ચકાસણી કરાવવાથી ખેડૂતોને પાકમાં આપવાનાં થતાં રાસાયણિક ખાતરો અને અન્ય જરૂરી બાબતો વિશે માહિતી મળી. પરિણામે, ખેડૂતોને પાકમાં આપવાનાં થતાં ખાતરોમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો થયો. એ રીતે તેમનો પાક-ઉત્પાદન ખર્ચ પણ ઘટ્યો. જમીન ચકાસણી કરાવ્યા પછી તેઓ હવે માઈક્રોન્યૂટ્રિઅન્ટ ખાતરોનો ઉપયોગ કરતા થયા છે. તેના ફળસ્વરૂપે તેમના પાકના ઉત્પાદનમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થયો છે. કુલ ૧૩૦ ખેડૂતોએ દિવેલી ખોળનો વપરાશ કર્યો અને ૧૪૫ ખેડૂતોએ પાયાનાં ખાતરોનું પ્રમાણ જાળવ્યું. એ જ રીતે સેન્દ્રિય ખાતરોના વપરાશમાં ૯૨ ખેડૂતો જોડાયા. ૫૩ ખેડૂતોએ દીવેલી ખોળનો વપરાશ કર્યો.

જમીન ચકાસણી કરાવી તે પહેલાં ખેડૂતો પાકમાં માત્ર યુરિયા અને ડીએપી ખાતર જ આપતા હતા, પણ જમીન ચકાસણી કરાવવાથી તેમને જાણવા મળ્યું કે પાકમાં માઇક્રોન્યુટ્રિઅન્ટ ખાતર પણ આપવા પડે. આવી ઉપયોગી માહિતી મળી તેથી તેઓ માઈક્રોન્યૂટ્રિઅન્ટ ખાતરો તો વાપરતા થયા જ છે, સાથે સાથે વિચારપૂર્વક ખેતી કરતા થયા છે.

## ઉબેર ગામના ગેમલભાઈએ કપાસનો વધુ પાક મેળવ્યો

*૪૦ વર્ષના ખેડૂત ગેમલભાઈ ધૂળાભાઈ પરમાર, જંબુસર તાલુકાના ઉબેર ગામમાં રહે છે. પહેલાં તેઓ ખાતરનો આડેધડ ઉપયોગ કરતા હતા. તેમના ખેતરના એક એકરમાં કપાસના પાકમાં તેઓ ૫૦ કિલો ડીએપી અને ૧૫૦ કિલો યુરિયા ખાતર આપતા હતા. ખાતર કેટલા પ્રમાણમાં આપવું એ તેમને ખબર નહોતી. તેથી ઉત્પાદન માત્ર ૮૦૦ કિલો જેટલું જ આવતું હતું. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી 'આતાપી' સાથે જોડાયા છે અને ખેડૂત-જૂથની મિટિંગમાં નિયમિત રીતે હાજર રહેતા હતા. એક મિટિંગ દરમ્યાન તેમણે જમીનની ચકાસણી વિશે જાણકારી મેળવીને પોતાની જમીનની ચકાસણી કરાવી. ચકાસણીના રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણો પ્રમાણે તેઓ ખાતરનો વપરાશ કરતા થયા. તેમણે કપાસના પાકમાં એકરે ૧૫ કિલો ડીએપી, ૫૦ કિલો યુરિયા અને ૨ ટ્રૅક્ટર છાણિયું ખાતર વાપર્યું. પરિણામે, હાલમાં તેમને ૧૨૦૦ કિલો જેટલું ઉત્પાદન મળી રહ્યું છે. તેમના પાકનો પણ વિકાસ થયો છે.*





### (ખ) જમીનની તૈયારીમાં ટ્રાયકોડર્માનો ઉપયોગ

પાકમાં આવતા રોગને નિયંત્રણમાં લઈને પાકને બચાવવો ખેડૂતો માટે ખૂબ જરૂરી છે. તેથી પાકમાં આવતા જમીનજન્ય રોગને અટકાવવા માટે ટ્રાયકોડર્મા પાઉડરનો ઉપયોગ કરવા અંગેની જાણકારી આપવામાં આવી આ પ્રવૃત્તિ અંતર્ગત ૯૫ ખેડૂતોનાં ખેતરો ઉપર જઈને ટ્રાયકોડર્મા પાઉડરનું છાણિયા ખાતર સાથે મિશ્રણ કરીને ઉપયોગમાં લેવાની પદ્ધતિનું નિદર્શન કરવામાં આવ્યું, સ્થાનિક ૧૦ ગામોનાં ૧૧૬ ખેડૂતો પાક નિદર્શનમાં જોડાયા અને અન્ય ૫૦ ખેડૂતો મળીને કુલ ૧૬૬ ખેડૂતોએ જમીનની તૈયારીમાં ટ્રાયકોડર્મા પાઉડરનો ઉપયોગ કર્યો. ટ્રાયકોડર્માનો ઉપયોગ કરવાથી પાકમાં સુકારા અને કોહવારાનો રોગ આવ્યો નહીં. ઉપરાંત, પાકને નુકસાનકારક ફુગનો નાશ થવાથી ઉત્પાદનમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થયો.

### (ગ) પૅકેજ ઑફ પ્રેક્ટિસિસ (પીઓપી) અને ઇન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ (આઈપીએમ) તાલીમ

વર્ષ દરમ્યાન ૩૩૫ ખેડૂતોને ત્રણ પી.ઓ.પી. તાલીમ અને ૩૬૦ ખેડૂતોને બે આઈ.પી.એમ. તાલીમ યોજીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. ૧૬૭ ખેડૂતોને ૧૯-૧૯-૧૯ અને ૧૩-૦૦-૪૫ જેવા ખાતરના સ્પ્રે કરાવ્યા ૭૬ ખેડૂતોને  ઝિંક સલ્ફર અને મૅગ્નેશિયમનો ઉપયોગ કરાવ્યો. જ્યારે ૭૬ ખેડૂતોને પી.એસ.બી., ઍઝોબેક્ટર, રાઈઝોબિયમ જેવા જૈવિક કલ્ચરનો ઉપયોગ કરાવ્યો.

### દિલીપભાઈના ખેતરમાં દવાઓનો ખર્ચ ઘટ્યો અને ખેતીની આવક વધી

*વેડચ ગામના દિલીપભાઈ જાદવ, પહેલાં શ્રાવણી તુવર વાવતા હતા. તે વખતે તેઓ બિયારણની માવજત કરતા નહીં તથા દવાઓનો પણ આડેધડ ઉપયોગ કરતા. તેમના ખેતરના એક એકરમાં છથી આઠ હજાર રૂપિયાની દવાઓ થતી, છતાં પાકમાં મૂળનો સુકારો આવવાથી ઘણા છોડ સૂકાઈ જતા. આમ થવાથી પાક ઉત્પાદન ઉપર માઠી અસર થતી.*

*દિલીપભાઈ છેલ્લાં ચાર વર્ષથી 'આતાપી' સાથે જોડાયેલા છે. ખેડૂત-જૂથની મિટિંગમાં થયેલી ચર્ચામાંથી માહિતી મેળવીને તેમણે તેમની જમીનની ચકાસણી કરાવી તથા તેના રિપોર્ટમાં સૂચવ્યા પ્રમાણે ખેતરોનો ઉપયોગ કર્યો. તેઓ તેમના ખેતરમાં પિયત કરતા થયા અને ટ્રાયકોડર્મા પાઉડરનો પણ ઉપયોગ કરતા થયા. પરિણામે, તેમના તુવેરના પાકમાં હવે સુકારાનો રોગ આવતો નથી. વળી, મળેલી માહિતીને અનુસરીને નીમ ઓઈલ વાપરતા થયા. તેથી તેમના ખેતરમાં દવાઓનો ખર્ચ ૨૦થી ૩૦ ટકા ઘટ્યો છે અને પાક ઉત્પાદનમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થયો છે. પરિણામે, તેમની ખેતીની આવક વધી છે.*

આ તાલીમોના માધ્યમથી ૨૦ ગામોના ૬૯૫ ખેડૂતોને પાકની વાવણીથી લઈ પાકની કાપણી સુધી કયા પ્રકારના ઈનપુટ આપવા તથા ક્યારે, કઈ માવજત આપવી તે અંગેની ટેકનિકલ માહિતી આપવામાં આવી. ટેકનિકલ માહિતી મળવાથી ખેડૂતો પાકને જરૂર મુજબના જ ઈનપુટ આપતા થયા. તેમાં ખાસ કરીને, રાસાયણિક ખાતરોનો વપરાશ પ્રમાણસર થવાથી ખેડૂતોનો ખર્ચ ઘટ્યો. સામાન્ય રીતે, જમીન ચકાસણી પહેલાં ખેડૂતો એક એકરમાં ૫૦ કિગ્રા ડીએપી વાપરતા, તે ઘટાડીને હવે ૩૫ કિગ્રા વાપરતા થયા છે, છતાં પાકનો વિકાસ પણ સારો થયો છે. ઉપરાંત, કપાસના પાકમાં રાતા પાન થતાં અટક્યાં અને જીવાત ઓછી લાગી. ૧૯-૧૯-૧૯ અને ૧૩-૦૦-૪૫ ખાતરોના વપરાશથી ખેડૂતોને ઓછી મહેનતે અને ઓછા ખર્ચે પાકમાં સારાં પરિણામ મળ્યાં. કેટલાક ખેડૂતોએ ઝીંક અને મૅગ્નેશિયમ ખાતરનો ઉપયોગ પણ કર્યો. વળી, ૨૫૬ ખેડૂતોએ જૈવિક કલ્ચરોનો ઉપયોગ કરીને ખાતરનો ખર્ચ ૧૦ ટકા જેટલો ઘટાડ્યો.

### (ઘ) કંપોષ્ટ અને વર્મીકંપોષ્ટ ખાતર

જમીનની ફળદ્રુપતામાં વધારો કરવા માટે વર્મી કંપોષ્ટ ખાતરના વપરાશની તાલીમો યોજવામાં આવી, 'આત્મા યોજના'ના નાણાકીય સહયોગથી આવી ત્રણ તાલીમો યોજીને ૧૦૭ ખેડૂત ભાઈઓ-બહેનોને આવરી લેવામાં આવ્યાં. તાલીમના સફળ પરિણામ રૂપે ૬ ખેડૂતોએ વર્મી કંપોષ્ટ ખાતરના બેડ તૈયાર કરીને ખાતર બનાવ્યું. જ્યારે ૩૩ ખેડૂતોએ વર્મી કંપોષ્ટ ખાતરની ખરીદી કરીને તેનો ઉપયોગ કર્યો.

વર્ષ દરમ્યાન કુલ ૫૬ ખેડૂતોએ કંપોષ્ટ ખાતરના બેડ તૈયાર કર્યા. તેનાથી રાસાયણિક ખાતરની સરખામણીમાં તેમના પાકનો સારો વિકાસ થયો તથા જમીનજન્ય રોગોનું પ્રમાણ ઘટતા પાકમાં સુકારાનો રોગ આવતો અટક્યો. વળી, કંપોષ્ટ ખાતર વાપરવાથી જમીનની ગુણવત્તા પણ સુધરી અને પાકની ઉત્પાદનક્ષમતામાં વધારો થયો.

### (ચ) ખેડૂત-જૂથોનું મજબૂતીકરણ

ખેડૂત-જૂથો મજબૂત બને તે માટે ખેડૂતો સાથે વર્ષ દરમ્યાન ૧૦૫ ખેડૂત-જૂથ મિટિંગ કરીને ૧૫૫૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા. ગ્રામ સ્તરે કલ્સ્ટર મિટિંગો કરીને ખેડૂતોને ફાર્મર પ્રોડ્યુસર કંપની બનાવવા માટે માહિતી આપવામાં આવી, તેના પરિણામ રૂપે ૧૦ ગામોના ૨૫૦ ખેડૂતોએ એફાર્મર્સ પ્રોડ્યુસર કંપનીી સ્થાપવાની પહેલ કરી. આ ખેડૂતોએ ખેડૂત દીઠ ૧૦૧૦ રૂપિયા શેરફાળો અને સભ્ય ફીની રકમ જમા કરાવી. સ્થાનિક ૧૦ ગામોના ખેડૂતોની કંપનીના નેજા હેઠળ ખેડૂતોને ખેતી-વિષયક માર્ગદર્શન તેમ જ ખેતીની ઉપજના પૂરતા ભાવ મળી રહે એ માટે હવે બહારનાં જોડાણ ઊભાં કરવાની કોશિશ થઈ રહી છે.



વર્ષ દરમ્યાન જુદી-જુદી ૪ તાલીમો યોજીને ૪૨ ખેડૂતોમાં નેતૃત્વનું કૌશલ્ય વિકસાવવામાં આવ્યું. તાલીમમાંથી શીખ મેળવીને ખેડૂતો હવે જાતે જ જૂથ-મિટિંગો કરતા થયા, નવાં જૂથો બનાવતા થયા તેમ જ ફાર્મર્સ પ્રૉડ્યુસર કંપનીની રચનામાં સક્રિય બન્યા. ઉપરાંત, આ ખેડૂતોએ ઉચ્છદ ગામે વધુ એક દૂધ-મંડળીની રચના કરી.

**(છ) સંયુક્ત જવાબદારી જૂથ (જોઈન્ટ લાયેબિલિટી ગ્રુપ–જીએલજી)**

ખેતી-વિષયક જરૂરી ઈનપુટ-સામગ્રી ખરીદવામાં ખેડૂતોને સરળતા રહે તથા સમય અનુસાર પાકને જરૂરી ઈનપુટ આપી શકાય તે હેતુથી ખેડૂતોનું જેએલજી જોડાણ કરવામાં આવ્યું. જોડાણનો હેતુ, ખેડૂતોને બહારના ઊંચા ધિરાણના બોજામાંથી મુક્ત કરાવવાનો તેમ જ આર્થિક રીતે સક્ષમ બનાવવાનો હતો. વળી, બૅંક ઑફ બરોડા સાથે જોડાણ કરીને ૮૦ ખેડૂતોને ૨૧.૫૫ લાખ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું.

**(જ) વરસાદી પાણીનો સંગ્રહ અને બાગાયત વિકાસ**

વહી જતાં વરસાદનાં પાણીનો સંગ્રહ કરવામાં આવે તો તે ખેતીમાં સિંચાઈ માટે ખૂબ ઉપયોગી નીવડી શકે. આ વાત ધ્યાનમાં રાખીને ‘ગુજરાત જમીન વિકાસ નિગમ’ (જીએલડીસી) સાથે જોડાણ કરવામાં આવ્યું અને વેડચ તથા પીલુદરા ગામના ૪ તળાવોનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. તેમાંથી પીલુદરા ગામના ૨ તળાવોના કામને મંજૂરી મળી. તેથી ગ્રામ પંચાયતના સહયોગથી તળાવનું રિપેરિંગ કામ પૂર્ણ થયું. આ તળાવો રિપેર થવાથી તળાવની આસપાસના ૫૦ એકર વિસ્તારના ખેડૂતોને ખેતીના ઉપયોગ માટે પાણી ઉપલબ્ધ થયું.

એ જ રીતે ૩ ખેત-તલાવડી બનાવવા માટે ‘જીએલડીસી’માં રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. તેમાંથી ૧ ખેત-તલાવડીને મંજૂરી મળવાથી ડાભા ગામના ખેડૂતના ખેતરમાં ખેત-તલાવડી બનાવવામાં આવી. પરિણામે, એ ખેડૂતની ૮.૫ એકર જમીનમાં પાક માટે પાણી ઉપલબ્ધ થયું.

ખેત-તલાવડીની સાથે-સાથે ખેડૂતોને બાગાયત ખેતી કરતા થાય તે માટે વર્ષ દરમ્યાન કાર્ય-વિસ્તારના ખેડૂતોની મુલાકાત કરીને માહિતી પૂરી પાડવામાં આવી. સ્થાનિક ખેડૂતોને કયા પ્રકારના

**પાક ઉત્પાદનમાં વધારાની સાથે–સાથે નેતૃત્વ–શક્તિનો વિકાસ થયો**

*ડાભા ગામના ખેડૂત પ્રવીણસિંહ અજબસિંહ રાજ, પહેલાં તેમના ખેતરમાં શ્રાવણી તુવેર અને દેશી કપાસ વાવતાં. તે વખતે તેઓ બિયારણને કોઈ બીજ-માવજત આપતા નહોતા, વળી, દવાઓનો પણ આડેધડ ઉપયોગ કરતા. તેમા ખેતરના એક એકરમાં ૭થી ૮ હજાર રૂપિયાની દવાઓનો ખર્ચ થતો. તેમ છતાં, પાકમાં મૂળનો સુકારો અને કોહવારો આવવાના કારણે ઘણા છોડ સૂકાઈ જતા. તેથી ઉત્પાદન ખૂબ ઓછું આવતું. અગાઉ તુવેરના પાકમાં તેઓ પિયત પણ આપતા નહોતા.*

*પ્રવીણસિંહ છેલ્લાં ૪ વર્ષથી ‘આતાપી’ સાથે જોડાયા છે તથા ખેડૂત-જૂથની મિટિંગમાં નિયમિત રીતે ભાગ લે છે. મિટિંગ દરમ્યાન થયેલી ચર્ચા મુજબ તેમણે જમીનની ચકાસણી કરાવી અને આવેલા રિપોર્ટની ભલામણ મુજબ ખાતરોનો વપરાશ કર્યો. વળી, તેઓ પિયત-પાણી આપતા થયા અને ટ્રાયકોડર્માનો પણ ઉપયોગ કર્યો. પરિણામે, હવે તેમના તુવેર અને કપાસના પાકમાં સુકારો આવતો નથી. તેમને આપવામાં આવેલી જાણકારી મુજબ તેઓ નીમ ઓઈલ પણ વાપરતા થયા, તેથી તેમનો દવાનો ખર્ચ સાતથી આઠ હજારથી ઘટીને ત્રણેક હજાર જેટલો જ થાય છે. તેમના પાકમાં સુધારો થવાથી ઉત્પાદનમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થયો છે. ‘આતાપી’ સાથે જોડાયા પછી તેમણે ૧૩ દિવસની નેતૃત્વની તાલીમ લીધી અને હાલ ‘ફાર્મર્સ પ્રૉડ્યુસર ઑર્ગેનાઈઝેશન’માં તેઓ માનદ્ મંત્રી તરીકે કાર્યરત છે.*

## ખેડૂત-જૂથ અને દૂધ-મંડળીને સક્રિય કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા મહિજીભાઈ ગોહિલ

*ઉચ્છદ ગામના મહિજીભાઈ ધૂળાભાઈ ગોહિલ, છેલ્લાં ત્રણ વર્ષથી 'આતાપી સેવા ફાઉન્ડેશન' દ્વારા રચાયેલા ખેડૂત-જૂથમાં જોડાયા છે. તેઓ નિવૃત્ત-શિક્ષક છે. હાલનો તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. 'આતાપી' સાથે જોડાયા પછી સામાજિક વિકાસ કાર્યોમાં વધુ ને વધુ રસ લેતા થયા. તેઓ ઓઆતાપીદ્વના 'સ્નેહ ધનુષ્ય લીડરશિપ' કાર્યક્રમમાં જોડાયા અને એક પણ દિવસ ગેરહાજર રહ્યા વગર, ખંત અને મહેનતથી વધુ રસ લઈ કામ કરી રહ્યા છે. તેમણે તેમના ગામના ૬૦ ખેડૂતોને ખેડૂત-જૂથમાં જોડ્યા અને 'ફાર્મર્સ પ્રોડ્યુસર ઑર્ગેનાઈઝેશન' (એફપીઓ)ને આગળ ધપાવવા માટે ખેડૂતોને ઘેર-ઘેર જઈને માહિતગાર કર્યા. તેમના પ્રયાસોથી ૩૫ ખેડૂતો રૂ. ૧૦૧૦નો શેરફાળો ભરીને એફપીઓમાં જોડાયા છે.*

*મહિજીભાઈએ ખાનગી ડેરીઓના ગેરવહીવટને સુધારવા માટે 'મહિલા દૂધ ઉત્પાદક મંડળી' સ્થાપવાનું નક્કી કર્યું અને 'આતાપી'ની મદદથી તેમણે તેમનો તે નિર્ધાર પૂરો કર્યો. ઉપરાંત, મહિલા દૂધ મંડળીની રચના વખતે જરૂરી ચીજ-વસ્તુઓ ખરીદવા માટે મંડળીને પાંચ હજાર રૂપિયા આપ્યા હતા, મંડળીની શરૂઆતમાં માત્ર ૪ લિટર દૂધનો જથ્થો થતો અને પશુપાલકો પણ જોડાવા તૈયાર નહોતા. તેમ છતાં, તેઓ હિંમત હાર્યા વગર મક્કમ નિર્ધાર સાથે લોકોને સમજાવતા રહ્યા અને નવા દૂધ-ઉત્પાદકોને જોડતા રહ્યા. તેમના પ્રયત્નો અને 'આતાપી'ના સહયોગથી ઉચ્છદ ગામની મહિલા દૂધ ઉત્પાદક મંડળીની નોંધણી થઈ ગઈ છે અને રોજના ૨૫૦ લિટર દૂધ-ઉત્પાદન સાથે બહેનો ડેરીનું સરસ રીતે સંચાલન કરી રહી છે. મંડળીનો વહીવટ સારો ચાલે તે માટે તેઓ હાલમાં બહેનોને મંડળીના હિસાબોની જાળવણીમાં મદદરૂપ બની રહ્યા છે.*

ફળ-ઝાડ વાવી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. માહિતી અને માર્ગદર્શન મળવાથી ૫૬ ખેડૂતોએ શેઢાપાળા ઉપર બાગાયતી રોપા વાવ્યા. તેમાં ૭ ખેડૂતોએ વાડી પદ્ધતિથી ઍપલ બોર અને લીંબુની રોપણી કરી છે. 'આતાપી'એ નર્સરી સાથે સંકલન કરી ખેડૂતોને રોપા ઉપલબ્ધ કરાવ્યા. ખેડૂતો દ્વારા ૧૦૦ ટકા લોકફાળો રૂપે કુલ ૩૮,૪૩૦ રૂપિયા એકઠા કરીને રોપા લાવવામાં આવ્યા. આ રોપામાં મુખ્યત્વે લીંબુ, આંબા, જામફળ, દાડમ અને ઍપલ બોરનો સમાવેશ થાય છે.

ખેતી અને પાક પાક સુધારણા કાર્યક્રમનો મુખ્ય ભાર, ટેકનોલૉજીને એક ખેડૂતથી બીજા ખેડૂત સુધી તબદીલ કરીને વ્યક્તિગત અનુભવોને બહોળા સમૂહ સુધી પહોંચાડવાનો હતો. ઉપરાંત, માહિતી કેન્દ્રો મારફતે તેમ જ ખેડૂત-જૂથોનું સશક્તિકરણ કરીને વ્યાપક જન સમૂહમાં અનુભવોની આપ-લે કરવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો. વર્ષ દરમ્યાન નવા પાકોનું નિદર્શન તથા પૅકેજ ઑફ પ્રેક્ટિસિસ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

જમીન ચકાસણીની તાલીમમાં ૭૯ ખેડૂતોએ ભાગ લીધો. જમીનના ૭૨ નમૂના તથા પાણીના ૪૮ નમૂના ચકાસવામાં આવ્યા. તેને આધારે ૧૪૫ ખેડૂતોએ તેમની જમીનમાં ખાતરનો ઉપયોગ કર્યો. ૧૩૦ ખેડૂતોએ તેમના ખેતરમાં માઈક્રો-ન્યુટ્રિઅન્ટ્સ (સૂક્ષ્મ પોષક તત્વો) વાપર્યા, ૯૨ ખેડૂતોએ કમ્પોષ્ટ ખાતર અને ૫૩ ખેડૂતોએ કેસ્ટર કેક (દીવેલા કેક)નો ઉપયોગ કર્યો. ૧૬૬ ખેડૂતોએ જમીનની તૈયારી માટે ટ્રાયકોડર્માનો ઉપયોગ કર્યો.

પૅકેજ ઑફ પ્રેક્ટિસિસ અંગેની ૩ તાલીમો યોજવામાં આવી. તેમાં ૩૩૫ ખેડૂતોએ તથા 'સંકલિત ઊધઈ વ્યવસ્થાપન' (ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ)ની ૨ તાલીમોમાં ૩૬૦ ખેડૂતોએ ભાગ લીધો. વર્ષ દરમ્યાન ખેડૂતોનાં ખેતરોમાં ૧૨ ફીલ્ડ ડે (ક્ષેત્રિય દિવસ) યોજવામાં આવ્યા, જેમાં કુલ ૪૨૧ ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો.

## રાસાયણિક ખાતર પાછળનો ખર્ચ ઘટ્યો અને ચોખ્ખો નફો વધ્યો

*મારું નામ કાનજીભાઈ રાવજીભાઈ સોલંકી. હું પીલુદરા ગામનો વતની છું. મારી પાસે સાડા ચાર એકર પિયત અને બિનપિયત જમીન છે. તેમાં પહેલાં હું ચીલાચાલુ ખેતી કરતો અને બાજરી, ડાંગર, કોદરા અને તુવેર જેવા પાક લેતો.*

*હું છેલ્લાં પાંચ વર્ષથી 'આતાપી સેવા ફાઉન્ડેશન' દ્વારા રચાયેલા ખેડૂત-જૂથમાં જોડાયેલો છું. સંસ્થાના કાર્યકરો અમને ખેતી-વિષયક માહિતી-માર્ગદર્શન આપતા રહે છે અને અમને અલગ-અલગ કાર્યક્રમોમાં જોડવાની તક આપે છે. તેથી અમે હવે જાણકાર અને જાગૃત બન્યા છીએ. અગાઉનાં વર્ષોમાં ખેતીમાંથી મને માંડ ૫૦થી ૬૦ હજાર રૂપિયાનું વાર્ષિક ઉત્પાદન મળતું પરંતુ, સંસ્થાના માર્ગદર્શનના સથવારે વૈજ્ઞાનિક ઢબે કંપોષ્ટ ખાતર બનાવવાની પદ્ધતિ મેં અજમાવી. મેં કંપોષ્ટ ખાતર બનાવીને તુવેર અને ગલગોટાના ફૂલના પાકમાં નાખ્યું. આમ કરવાથી પાકનો ઘણો વિકાસ થયો અને ઉત્પાદન પણ સારું મળ્યું.*

*વર્ષ ૨૦૧૪માં મને 'આતાપી'ની મદદથી 'આત્મા' કાર્યક્રમમાંથી વર્મી કંપોષ્ટ ખાતરનો ડેમો મળ્યો હતો. તેમાંથી પ્રેરણા અને શીખ મેળવીને હું વર્મી કંપોષ્ટ ખાતર બનાવીને ઉપયોગ કરતો થયો. હવે મારે મારી જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવો પડતો નથી તેથી હવે રાસાયણિક ખાતર પાછળ મને થતો રૂ. ૫૦૦૦નો ખર્ચ બચી ગયો. વિવિધ પાકમાં મને નીચે મુજબનો ચોખ્ખો નફો થયો:*

| પાક | ઉત્પાદન વર્ષ ૨૦૧૬-૧૭ | ઉત્પાદન રકમ રૂ. | કુલ ખર્ચ રૂ. | કુલ નફો રૂ. |
|---|---|---|---|---|
| તુવેર | ૨૨૨૫ કિલો | ૬૧૬૭૫/- | ૧૨૯૫૦/- | ૪૮૭૨૫/- |
| ગલગોટા | ૮૦૦ કિલો | ૩૫૦૦૦/- | ૨૩૫૦/- | ૩૨૬૫૦/- |
| સોયાબીન (આંતરપાક) | ૧૦૦ કિલો | ૪૦૦૦/- | ૧૨૦૦/- | ૨૮૦૦/- |

આ બધા પ્રયત્નોને કારણે રાસાયણિક ખાતરોનો વિવેકપૂર્વક ઉપયોગ થયો. કંપોષ્ટ, વર્મી કંપોષ્ટ, માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ તેમ જ જૈવિક ખાતરોનો વધુ ઉપયોગ થયો. ઉપરાંત, ઊધઈનું નિયંત્રણ થયું અને કપાસ, તુવેર તથા શાકભાજીના પાકમાં આવતા રોગો અંકુશમાં આવ્યા.

વર્ષ દરમ્યાન ૨૦૮ ખેડૂતોના સભ્યપદ સાથે કુલ ૧૪ નવાં ખેડૂત-જૂથો રચવામાં આવ્યાં. ફાર્મર્સ પ્રૉડ્યુસર ઑર્ગેનાઈઝેશન અંગેની માહિતી આપવા, તે અંગેની સમજ વિકસાવવા, તેનું મહત્ત્વ તથા પ્રક્રિયા સમજાવવા માટે ૧૨ કલ્સ્ટર જૂથ મિટિંગો અને ૧૦૫ જૂથ મિટિંગો યોજવામાં આવી. ૨૮૧ ખેડૂતો પાસેથી રૂ. ૨,૧૮,૦૦૦/-ની શેર-મૂડી એકત્ર કરવામાં આવી.

# ૨. મહિલા સશક્તિકરણ કાર્યક્રમ

**હેતુ:** આર્થિક અને સામાજિક રીતે વંચિત ગરીબ અને મધ્યમ વર્ગની બહેનોની આર્થિક, સામાજિક અને કાયદાકીય પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે બહેનોનું સશક્તિકરણ કરવું.

કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાયેલી પ્રવૃત્તિઓ:

- અધિકાર અને મળવા પાત્ર સવલતો સુધીની પહોંચ (ખાસ કરીને એકલ અને વૃદ્ધ મહિલા)
- આવકના પરંપરાગત સ્ત્રોતોને મજબૂત કરવા(ખેતી અને પશુપાલન)ની પ્રવૃત્તિ અંતર્ગત

૧. ખેતી બાબતે મહિલાઓનું સશક્તિકરણ

૨. પશુપાલનમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓને પ્રોત્સાહન

૩. મહિલા દૂધ ઉત્પાદન મંડળીઓ બનાવવી અને તેને મજબૂત કરવી

- ઉજાસ બચત ધિરાણ ગ્રાહક સહકારી મંડળી દ્વારા બચત અને ધિરાણની પ્રવૃત્તિ
- આજીવિકા માટેના વૈકલ્પિક સ્ત્રોતો શોધવા તથા તેને મજબૂત કરવા (સુગતિ ઉત્પાદક મંડળી, પ્લાસ્ટિકના રિસાયકલ દ્વારા આવક ઊભી કરવી, અન્ય કુશળતાઓ માટેની તાલીમ)
- આગેવાનોનું સશક્તિકરણ

મુખ્ય હેતુને સર કરવા ઘણા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં ખાસ કરીને ગરીબ અને નાના ખેડૂત બહેનોને સંગઠિત કરવા, બચત ધિરાણની જરૂરિયાતો પૂરી પાડવા મૂડી જોડાણો ઊભાં કરવા સ્વાયત્તધોરણે જૂથ સંચાલન કરવા આગેવાન અને સભાસદોનું ક્ષમતા વર્ધન કરવું, સરકારી-બિનસરકારી લાભો સાથે જોડાણ તેમ જ તકોનો લાભો લેતા કરવાં, સ્વરોજગારીની તકો ઊભી કરવી, બહેનોનાં નામે મિલકત ઊભી કરવા માટે ક્ષમતા વર્ધન, જૂથોના પોતાના થકી સામાજિક, આર્થિક કાર્યો કરવા માટે બહેનોને પ્રોત્સાહિત કરવા, સ્થાનિક સંસ્થાઓની રચના અને મજબૂતીકરણ કરવા વગેરે.



સંગઠનના માધ્યમથી બહેનોની આંતરિક ક્ષમતા અને સમજણને ઉજાગર કરી તેમના દ્વારા જ તેમનું સશક્તિકરણ કરવાના હેતુથી સ્વ-સહાય જૂથોની રચના અને તેના મજબૂતીકરણની કામગીરી કરવામાં આવી. કુલ ૧૭ ગામોમાં થઈને ૭૩ જૂથો સ્થાપવામાં આવ્યા છે, જેમાં ૧૪૫૧ સભાસદો(બહેનો)એ મળીને કુલ રૂ.૨૮,૭૪,૧૫૦/-ની બચત કરી છે. જૂથોને મજબૂત બનવવા માટે માસિક મિટિંગ, હિસાબી તાલીમ, સંકલન અને વહીવટ જવાબદારી લેનારાં આગેવાનોની તાલીમ, નાણાકીય સદ્ધરતા માટે બૅન્ક અને અન્ય સંસ્થાઓ સાથે જોડાણ, સામાજિક યોગદાન વગેરે કાર્યક્રમો યોજવામાં આવે છે.

- નક્કી કરેલાં સ્થળ, સમય અને તારીખે મિટિંગો યોજવામાં આવે છે. દરેક સભ્ય નિ:સંકોચ પોતાનો મત રજૂ કરી શકે એવું વાતાવરણ હોય છે. લેવાયેલા નિર્ણયો અને ઠરાવોની લેખિત નોંધ રાખવામાં આવે છે. હિસાબો રજૂ કરવામાં આવે છે તેમ જ નાણાકીય આયોજન બાબતે ચર્ચા પણ થાય છે. નોંધનીય છે કે ૩૫ જૂથો, કાર્યકર્તાના ટેકા વગર પોતાની જાતે જ જૂથ સંચાલન અને હિસાબની બધી જ પ્રવૃત્તિ કરી શકે છે. જૂથના પ્રાથમિક હિસાબો નિયમિત રીતે રજિસ્ટરમાં નોંધવામાં આવે છે. દરેક ખર્ચ બાબતે સભ્યોની મંજૂરી લેવાતી હોય છે તેમ જ દરેકને આ બાબતે જાણ કરવામાં આવે છે. નિયમિત હિસાબ લખી શકે એ માટે આગેવાનોને હિસાબી તાલીમ આપવામાં આવી છે જેના થકી ૩૦ આગેવાન તૈયાર થયા.
- પોતાના જૂથના વહીવટી ખર્ચને પહોંચી વળવા વહીવટી ફાળો ઉઘરાવી સક્ષમતા કેળવે, સભાસદોની યોગ્ય નાણાકીય જરૂરિયાતો પૂરી પાડે, સરકારી-બિનસરકારી લાભ લેતા થાય અને બૅન્ક સાથે જોડાણ કરતાં થાય એ માટે આંતરિક ધિરાણ વ્યવસ્થા મજબૂતીકરણ અને બૅન્ક લીંકેજનાં કાર્યો મોટા પાયે કરવામાં આવ્યાં. હાલમાં જૂથનું આંતરિક ધિરાણ ૪૩૯ બહેનોના રૂ. ૪૮,૬૬,૫૦૦નું તથા જી.એલ.જી. જોડાણ છે ૩૦૩ બહેનો અને કુલ રૂ. ૭૮,૦૦,૦૦૦.
- સામાજિક જવાબદારી અને તે અંગેની જાગૃતિ તથા કાર્યો કરવાની તત્પરતા આવે, ગામનાં/બહેનોના પ્રશ્નોને હલ કરવા જૂથ ભાગ લેતું થાય, પ્રેરણાદાયી કામ કરે અને જરૂર પડયે દબાણજૂથ તરીકે આગળ આવે, ગામના/બહેનોના વિકાસ માટે તકો પૂરી પાડે આવા વિવિધ હેતુઓથી બહેનો માટે નેતૃત્વ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. હાલમાં ૨૦ બહેનો જુદા જુદા મંચ પર સામાજિક જવાબદારી નિભાવતા થયા છે.

આ પ્રયત્નો થકી કુટુંબ પરિવારમાં બહેનોના માન-સન્માનમાં વધારો થયો અને નાણાકીય શિસ્ત ઊભી થઈ જેનાથી બહેનોની બૅંકોમાં શાખ વધી.

- સ્થાનિક સંસ્થાની રચના અને મજબૂતીકરણ:- (૪ ડેરી અને ઉજાસ)

**ઉજાસ મહિલા બચત ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લિમિટેડ**

ઉજાસ મંડળીમાં કુલ ૧૫ ગામોમાં થઈને ૧૩૯૧ સભાસદો છે, જેમની અત્યાર સુધીની કુલ બચત છે રૂ. ૨૮,૬૬,૬૫૦. ધિરાણ પ્રવૃત્તિ અંતર્ગત ૪૩૯ સભાસદોને કુલ રૂ. ૪૮,૬૬,૫૦૦ સુધીનું આંતરિક ધિરાણ આપવામાં આવ્યું છે. આ વર્ષ દરમ્યાન કાયદાકીય પૂર્તતા અને સુશાસન માટેની વિશેષ કામગીરી કરવામાં આવી.

- મંડળીની વાર્ષિક સાધારણ સભા આ વખતે વેડચ ગામમાં કરવામાં આવી જેમાં ૨૦૦ બહેનોએ ભાગ લીધો.
- ચાર વાર બાહ્ય તથા આંતરિક ઑડિટ કરવામાં આવ્યું. રજિસ્ટરો મેન્યુઅલી તૈયાર કરવામાં આવ્યાં અને રિપોર્ટ આધારિત અમલીકરણ કરવામાં આવ્યું.

- આખા વર્ષ દરમ્યાન ૧૨ ઉજાસ કારોબારી મિટિંગ કરવામાં આવી જેમાં કારોબારી સભ્યોએ કામ સાથેની તાલીમ મેળવી તેમ જ અનુભવ આધારિત શિક્ષણનો મોકો મેળવ્યો.
- મંડળી સુધી જૂથના બચત કરેલાં નાણાં પહોંચે તથા મંડળીનું ધિરાણ જૂથના સભ્યો સુધી પહોંચે એ માટે સોફ્ટવેર બનાવવામાં આવ્યું, જેમાં દરેક એન્ટ્રી કરવામાં આવે.
- ઉજાસ મંડળીના સ્ટાફ અને કારોબારી સભ્યોને સહિયર જો સંગઠન અને કચ્છ મહિલા વિકાસ સંગઠનમાં પ્રેરણા પ્રવાસે મોકલવામાં આવ્યાં

**નેતૃત્વ વિકાસ**

- ઉજાસના ૧૧ કારોબારી સભ્યો અને ૪ સહાયક સભ્યોની કમિટી દર મહિનાની ૧૨ તારીખે ઑફિસ પર મિટિંગ બોલાવી નવા સભાસદ, લોન પત્રકની મંજૂરી, હિસાબોનું વંચાણ તથા કોઈ પણ નવી બાબતના નિર્ણય જાતે કરવા સક્ષમ થઈ છે.
- કારોબારી સભ્યોને બે આગેવાન તાલીમ આપવામાં આવી, જેમાં ૧૫ આગેવાન બહેનોએ ભાગ લીધો હતો. ગામ સ્તરની ગ્રામ પંચાયતની મિટિંગોમાં પણ કારોબારી સભ્યોનું ઓરિએન્ટેશન કરવામાં આવ્યું છે. હવે સભ્યો આગેવાનના ગુણો, જવાબદારીઓ તેમ જ મંડળીને કેવી રીતે આગળ લઈ જવી એ વિષે માહિતગાર છે.
- ઉજાસમાં જોડાયેલાં જૂથોના પ્રમુખ/મંત્રીને હિસાબી તાલીમ આપવામાં આવી. કુલ યોજાયેલી ૨ તાલીમોમાં ૬૦ આગેવાનોએ ભાગ લીધો. તાલીમમાં મુખ્યત્વે સભાસદ થવા માટેની પ્રક્રિયા, બચત પત્રકમાં બચત કેવી રીતે નોંધવી, પાસબુકમાં બચતની એન્ટ્રી, બચતના નીતિનિયમો, લોન પત્રક કેવી રીતે ભરવું, લોન પર વ્યાજની ગણતરી, લોનના હપતા કેવી રીતે ભરવા, લોનના નીતિનિયમ, જામીનદારની સહી, સાક્ષીની સહી વગેરે વિષયો પર ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી.

## હું આત્મ નિર્ભર બની

*સીતાબહેન ચીમનભાઈ જાદવ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના વેડચ ગામમાં રહે છે. તેમની ઉંમર ૫૦ વર્ષની છે. તેમનું કુટુંબ પશુપાલન અને ખેતમજૂરીના વ્યવસાયમાં જોડાયેલું છે. ઘરની પરીસ્થિતિને કારણે સીતાબહેન અભ્યાસ કરી શક્યાં નહીં. એમને ચાર દીકરા છે. હાલમાં સીતાબહેન અને એમના પતિ એક દીકરા સાથે રહે છે. બાકીનાં સંતાનો અલગ રહે છે. સીતાબહેન કહે છે કે આર્થિક પરીસ્થિતિ ખૂબ જ નબળી હોવાના કારણે સમાજમાં અને કુટુંબમાં એમનું માન નહોતું. સાસરીમાં અને પિયરમાં એક જ સરખી પરીસ્થિતિ હતી. ક્યાંયથી કોઈ પણ પ્રકારના ટેકાની અપેક્ષા રાખી શકાય તેમ ન હતું. ભરણ પોષણ માટે અલગ-અલગ ગામોમાં ખેત મજૂરી કરીને બે ટંક ખાવા પૂરતું માંડ મળતું હોય ત્યારે બાળકોને ભણતર ક્યાંથી આપી શકાય. સીતાબહેનના પતિને દમની બીમારી હતી, જેના કારણે તેઓ ખેત મજૂરી કરી શકતા નહીં. આમ, મોટાભાગની જવાબદારી સીતાબહેન પર હતી, પરંતુ ુઆતાપી સેવા ફાઉન્ડેશનન સાથે જોડાયા પછી જીવનમાં પરિવર્તન આવ્યું.*

*સંસ્થા દ્વારા ચાલતાં બચત મંડળમાં જોડાઈને સીતાબહેને ધીમે ધીમે બચત કરવાનું શરૂ કર્યું. એ પછી નાના ધિરાણ લઇ ખર્ચા પૂરા કરવા લાગ્યા. સમયસર ધિરાણ પરત કરવાથી મોટી રકમની લોન પણ લઈ શક્યાં. મંડળે સીતાબહેનને જીએલજી લોન અપાવી. સીતાબહેનને હજી પણ યાદ છે કે ૧૯/૪/૨૦૧૨ના દિવસે એમણે પહેલી લોન લીધી હતી જે રૂ.૨૫૦૦૦ની હતી. આ પૈસામાંથી એમણે ભેંસ ખરીદી અને દૂધના બિલમાંથી લોન ભરપાઈ કરી. એ પછી પશુપાલનની તાલીમ લીધી. દૂધ ઉત્પાદનમાં વધારો થયો. તેથી સીતાબહેનના આત્મ વિશ્વાસમાં વધારો થયો. આ પછી એમણે બે વખત રૂ. ૨૫૦૦૦ અને એક વખત રૂ. ૫૦૦૦૦ની લોન લીધી. એક વખત ઘાસચારો લાવ્યા. બીજી વખત ભાગે જમીન રાખી, જેમાંથી સારું ઉત્પાદન થયું. રૂ. ૫૦૦૦૦ની લોનમાંથી તેમના સસરાએ ગીરવે મૂકેલ જમીન છોડાવી. આ પગલાંથી એમના કુટુંબમાં એમનું માન-સન્માન વધ્યું. તેમની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થયો. આમ, સીતાબહેન પશુપાલન કરીને આત્મનિર્ભર તો થયાં જ, સાથે-સાથે તેમણે માન-સન્માન પણ મેળવ્યાં.*

### સરકારી હક સાથે બહેનનું જોડાણ: રેશનકાર્ડ મેળવ્યું

*કમળાબહેન ધીરજભાઈ જાબુ, ગજેરા ગામના રહેવાસી છે. તેમની ઉંમર ૪૫ વર્ષ છે. તેઓ ખેત મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. કમળાબહેને બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. દીકરીના જન્મ પછી કમળાબહેનને પતિએ તરછોડી દીધા. કમનસીબે માતા-પિતાનું મરણ થયું અને કમળાબહેન એકલાં પડી ગયાં. ભાઈઓ તરફથી પૂરતો સહકાર કે હૂંફ મળ્યા નહીં. મકાનને બારણું પણ ન હોય એવા મકાનમાં રહેતાં. ટંકનું લાવીને ટંકનું જમતાં. જીવન જરૂરિયાતનો સામાન પણ ન હતો. આવી પરિસ્થિતિમાં પણ ગમે તેમ કરીને દીકરીને ૧૨ ધોરણ સુધી ભણાવી.*

*એમની પાસે સરકારી દસ્તાવેજના નામે કશું ન હતું. રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, સરકારી આવાસ મેળવવા માટે છેલ્લાં ૧૫ વર્ષથી અથાગ પ્રયત્નો કરી રહ્યાં હતાં. કચેરીના ધક્કા ખાઈને થાકી ગયા હતા, પણ સંતોષકારક જવાબ મળતો ન હતો, કારણ કે સાચા માર્ગદર્શનનો અભાવ હતો. ધીમે ધીમે કમળાબહેન માનસિક રીતે ભાંગી પડ્યાં. એવામાં 'આતાપી' સંસ્થા સાથે તેમનો પરિચય થયો. સંસ્થાએ ફારગતી પત્ર, જન્મનું પ્રમણ પત્ર, આધાર કાર્ડ, શાળા છોડયાનું પ્રમાણ પત્ર વગેરે માટે પ્રયત્નો આદર્યા. જૂનાં રૅકોર્ડમાં નામ કમી કરાવ્યાં અને નવો આવકનો દાખલો, ભાડા કરાર, નામની ઍફિડેવિટ કરાવી. નવું રેશન કાર્ડ કઢાવવા માટે પેઢીનામું તથા પંચકયાસ કઢાવ્યું. જામીનદાર, તલાટી, સરપંચના પુરાવા ભેગા કરીને મામલતદારને આપ્યા. નવાં નામ ઉમેરવાં સોગંદનામું કરાવ્યું. પુરવઠા વિભાગમાં અરજી કરી અને એનું સતત ફૉલો-અપ પણ કર્યું. છેવટે કમળાબહેનને રાહતદરનું રેશનકાર્ડ મળ્યું. આ માત્ર સરકારી દસ્તાવેજ નથી, પણ એમના જેવી ત્યકતા, ગરીબ અને શ્રમજીવી બહેન માટે જીવાદોરી છે. હવે તેઓ ઘઉં, ચોખા, તેલ, ખાંડ અને કેરોસીન રાહત દરે મેળવી શકે છે. 'આતાપી' સંસ્થાએ તેમને ત્યકતા સહાય મળે તે માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.*

**જૂથ ક્લસ્ટર મિટિંગ**

વેડચ, કારેલી અને પીલુદરા ગામે જૂથ ક્લસ્ટર મિટિંગ યોજવામાં આવી. તેમાં ૧૦ જૂથનું એક ક્લસ્ટર બનાવવામાં આવ્યું. વેડચમાં ૩ જૂથ, પીલુદરામાં ૨ જૂથ અને કારેલીમાં ૧ જૂથ બનાવવામાં આવ્યું છે. જૂથ ક્લસ્ટર મિટિંગનો મુખ્ય હેતુ એ છે કે નાનાં સંગઠનો એક મંચ પર આવી પોતાની પ્રગતિની વાતો કરે, એકબીજાના અનુભવની આપ-લે કરે અને એમાંથી કંઈક નવું શીખે, એકબીજાને મદદરૂપ થાય તેમ જ મોટી સંખ્યામાં ભેગા થઈને પોતાની સંગઠનની તાકાતને ઓળખે અને એકબીજાના સહકારથી પોતાના વિકાસ માટેના પગલાં ભરી શકે.

**જૂથનું ગ્રેડીંગ**

વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ ૬૦માંથી ૫૩ જૂથના ગ્રેડીંગ કરવામાં આવ્યાં, તેમાં જૂથની લાક્ષણિકતા, નીતિનિયમોનું પાલન, બૅન્ક વ્યવહાર, જૂથ મિટિંગ, જૂથની બચત, આંતરિક ધિરાણ, દંડના નીતિનિયમો, જૂથમાં આગેવાન તરીકેની જવાબદારી, જૂથના દસ્તાવેજીકરણ વગેરે માપદંડોના આધારે જૂથનું ગ્રેડીંગ કરવામાં આવ્યું. આ ગ્રેડીંગમાં ૩૫ જૂથ 'એ', ૧૪ જૂથ 'બી' અને ૪ જૂથ 'સી' કેટેગરીમાં આવ્યા. ગ્રેડીંગની પ્રવૃત્તિથી એ ફાયદો થયો કે જૂથના સભ્યો પોતાનાં સારાં અને નબળાં પાસાં ઓળખતાં થયાં.

**જૂથના વાર્ષિક હિસાબો**

આ વર્ષે ૪૫ જૂથના વાર્ષિક હિસાબો કરવામાં આવ્યા, જેમાં સભાસદોની બચત પાસબુક, બચત રજિસ્ટર, રોજમેળ, બૅન્કની આવક-જાવક, ધિરાણ રજિસ્ટર, વ્યાજ ગણતરી, ખતવણી ઠરાવ અને નવા રજિસ્ટરમાં ખેંચવામાં આવેલા હિસાબો વગેરે તપાસવામાં આવ્યા. મંડળીના મંત્રીને હિસાબો લખવા બાબતે તાલીમ આપવામાં આવી, જેના થકી ૧૦ મંત્રીઓ જૂથના હિસાબો જાતે કરતા થયા.

### મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ

પશુપાલન એટલે કે બહેનોના પારંપરિક આજીવિકાના સાધનને મજબૂત કરવા માટે મહિલાઓ સંચાલિત ચાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ચલાવવામાં આવે છે. કુલ ૧૫૮ બહેનો પશુપાલનના કામમાં જોડાયેલી છે. પશુપાલનને મજબૂત કરવા માટે વેડચ, પીલુદરા અને ઉબેર ગામે બહેનોને તાલીમ આપવામાં આવી હતી. તેમાં મુખ્યત્વે પશુ માવજત, પશુ આહાર, પશુ આરોગ્ય, પશુ સંવર્ધન એવા ચાર આધાર સ્તંભ વિષયોને આવરી લેવામાં આવ્યા હતાં. બહેનોએ નોંધ્યું છે કે તાલીમ મેળવ્યા બાદ સુધારવામાં આવેલી પદ્ધતિથી દૂધમાં ફેટનો વધારો થયો છે. પશુને ઘાસચારો અને ખાણદાણ જોઈતા પ્રમાણમાં આપતાં થયાં છે તેમ જ ગમાણની સ્વચ્છતા રાખતા થયાં છે. પશુને કૃત્રિમ બીજદાણ પણ કરાવતાં થયાં છે જે ઘણી નવી બાબત છે.



આ વર્ષે વેડચ મોરગવા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, પીલુદરા લાલજીપુરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને ઉચ્છદ મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી એમ કુલ ત્રણ મહિલા ડેરીની રચના કરી તેનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. ગયા વર્ષની એક અને નવી ત્રણ એમ કુલ ચાર મહિલા દૂધ મંડળીની કારોબારી મીટીંગ દર મહીને કરવામાં આવે છે. આ મિટિંગમાં ગત મિટિંગનું વંચાણ, હિસાબોનું વંચાણ, દૂધધારા ડેરીમાંથી કોઈ ફેરફાર આવ્યા હોય કે નિર્ણય લેવાના હોય તો તેની ચર્ચા, સેક્રેટરી દ્વારા દૂધના ફેટ બરાબર નોંધાયા છે કે કેમ અને હિસાબ સ્પષ્ટ છે કે નહીં તેની ચકાસણી વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવે છે.

## પશુપાલનથી થયું ઘર સધ્ધર

*નીરૂબહેન યોગેન્દ્રસિંહ જાદવ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના વેડચ ગામમાં રહે છે. સંયુક્ત કુટુંબમાં રહેતાં નીરૂબહેન જયારે અલગ રહેવા ગયા ત્યારે તેમની પરિસ્થિતિ ઘણી નબળી હતી. પતિ-પત્ની અને બે બાળકો મળીને કુલ ચાર સભ્યોનું કુટુંબ છે. નીરૂબહેનના પતિ ખેતીકામ કરે છે. તેમની પાસે ૪ વીઘા જમીન અને ૩ દૂધાળાં પશુ છે. નીરૂબહેન છેલ્લાં ૮ વર્ષથી 'આતાપી સેવા ફાઉન્ડેશન' સાથે સક્રિય રીતે જોડાયેલાં છે. તેઓ તેમના ફળિયાના સ્વ-સહાય જૂથના સભ્ય છે. ઉપરાંત, જુદાં-જુદાં સંગઠનોમાં નિર્ણાયક ભૂમિકાઓ પણ ભજવે છે. તેઓ ગામના આગેવાન છે, મંડળમાં પ્રમુખ છે અને કંબોયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં કારોબારી સભ્ય છે. ઉજાસ મહિલા બચત ધિરાણ ગ્રાહક સહકારી મંડળીમાં કારોબારી સભ્ય છે.*

*પોતાની સ્વ-નિર્ભરતા અને સશક્તિકરણનો પૂરો શ્રેય નીરૂબહેન આતાપી સેવા ફાઉન્ડેશનને આપે છે. સૌ પ્રથમ તેમણે પશુપાલનની તાલીમ લીધી અને બે વખત જીએલજી લોન લઈને કુલ રૂ. ૫૦,૦૦૦માંથી ત્રણ દૂધાળાં પશુ ખરીદ્યાં. ૨૦૧૪માં આત્મા દ્વારા સંચાલિત પશુ આરોગ્ય કાર્યશાળામાં નીરૂબહેને ૩૦ બહેનોને જોડી હતી. પશુપાલનની યોગ્ય પદ્ધતિ સમજવા તેઓ આણંદ દૂધ ડેરી, ભરૂચ દૂધ ધારા ડેરી, મહેસાણા ડેરી અને તબેલા જોવા માટે બહેનો સાથે એક્સપોઝર મુલાકાત માટે પણ ગયાં હતાં. દરેક ભૂમિકામાં રસપૂર્વક કામ કરતાં નીરૂબહેન પ્રશ્નોના નિરાકરણ માટે પણ ઉત્સુક રહે છે. તાત્કાલિક મિટિંગ બોલાવી પ્રશ્નને શક્ય તેટલો જલદી ઉકેલવો એ એમનો સ્વભાવ છે. હાલમાં તેમણે લીંબોળી કલેક્શન કર્યું છે, જેમાં રૂ. ૩૫૦૦૦નું રોકાણ કર્યું છે. આ ધંધા થકી તેમણે કેટલાયે લોકોને પૂરક રોજગારી પણ આપી છે અને પોતે પણ રૂ. ૧૬૦૦૦ જેટલો નફો પ્રાપ્ત કર્યો છે.*

*નીરૂબહેનના પોતાના શબ્દોમાં કહીએ તો, 'મારા ઘરના સભ્યો મારા વખાણ કરતા થાકતા નથી અને એ સાંભળીને મને ખૂબ આનંદ થાય છે. હું તો કહું છું, બચત કરતાં-કરતાં જો પશુ ખરીદી કરીને યોગ્ય રીતે પશુપાલન કરીએ તો આપણા ઘરનો ચોક્કસ ઉધ્ધાર થાય છે.'*

## બહેનોનું સશક્તિકરણઃ કેટલાંક ઉદાહરણો

- ત્રણ નવી મહિલા ડેરીઓનું રજિસ્ટ્રેશન.
- ચાર ડેરીના થઈને કુલ ૪૧૭ સભ્યો, કુલ વેચાણ ૨,૨૬,૯૩૨ લીટર દૂધ, કુલ આવક રૂ.૧,૧૪,૯૬,૫૦૨.
- બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થા અને દીપક ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલી ત્રણ તાલીમોમાં ૧૫૮ બહેનોએ પશુપાલનની વૈજ્ઞાનિક પદ્ધતિ શીખવા ભાગ લીધો.
- બે ડેરીઓની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી, જેમાં ૨૨૫ બહેનોએ ભાગ લીધો.
- ૬૬ નવા પશુઓની ખરીદી થઈ.
- ૩૮૬ વ્યક્તિઓને સંયુક્ત જવાબદારી યોજનામાં જોડવામાં આવ્યા જેના થકી રૂ. ૧૦૦.૫૫ લાખ સુધીની લોન મેળવી શક્યા.
- ૧૧૦ એકલ મહિલાઓને સ્વ-સહાય જૂથ, વિકલાંગતા જૂથ અને ખેડૂત જૂથોમાં જોડવામાં આવ્યાં. પાંચ બહેનોને વિધવા પેન્શન મળ્યું તેમ જ ૨૪ બહેનોને વૃદ્ધ પેન્શન સાથે જોડવામાં આવ્યાં.

## કડવાં–મીઠાં ફળઃ લીંબોળી એકત્રીકરણ દ્વારા બહેનોને આજીવિકા

*"The Tree of Life" ના નામે ઓળખાતો લીમડો ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બહેનો માટે આજીવિકાના સ્ત્રોત તરીકે અડગ ઉભો રહ્યો છે. લીંબોળી એકત્રીકરણ દ્વારા આ બહેનોએ પોતાના તથા બીજા અનેક કુટુંબો માટે આજીવિકા મેળવવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું છે.૨૦૧૫માં જીએનએફસી દ્વાવારા બહેનોને એક નવીન તક આપવામાં આવી. ઘર આંગણે ઉભેલા લીમડામાંથી ખરતી લીંબોળી એકત્રિત કરી જીએનએફસીને વેચવાની, જેનો ઉપયોગ નીમ કોટેડ યુરીયામાં કરવામાં આવશે. આ વર્ષે વેડચ ગામનાં જમનાબેન દલપતભાઈ જાધવે ઉદાહરણ સ્વરૂપ ઉત્કૃષ્ટ કામગીરી કરી બતાવી છે. ૨૦૧૬માં જીએનએફસી દ્વારા ફરી લીંબોળી એકત્રીકરણની કામગીરીનો પ્રસ્તાવ આવ્યો. આ વખતે આ તકનો લાભ લઇ બહેનોએ ટૂંક સમયમાં મોસમી ધંધામાંથી કમાણી કરી સારો ફાયદો મેળવ્યો.*

*લીંબોળી એકત્રીકરણનું આયોજન, તેના માટે જરૂરી નાણાંની વ્યવસ્થા, જીએનએફસી સાથે સતત વાટાઘાટો, ડગલે ને પગલે પડતી મુશ્કેલીઓનો સામનો, આ બધું બહેનોએ જાતે જ કર્યું જે તેમના સશક્તિકરણની ઝાંખી કરાવે છે. આ પ્રક્રિયાઓમાં વેડચ, પીલુદરા, કારેલી, સારોદ તથા ઉબેર ગામની બહેનોએ ખાસ નેતૃત્વ લીધું. ખેતમજૂરી ન મળતી હોય અને કામ વગર અગવડ ભોગવવી પડે એવા સમયમાં લીંબોળી એકત્રીકરણના કામથી ૭૦૦ બહેનોને સરેરાશ ૧૦ દિવસની પૂરક રોજગારી મળી રહી.કુલ ૯૧.૭૩૨ મેટ્રિક ટન લીંબોળીનું એકત્રીકરણ થયું. ૮ બહેનો ઉદ્યોગ સાહસિક તરીકે બહાર આવી. રૂ. ૪૦૦૦થી લઈને રૂ. ૨,૦૦,૦૦૦ સુધીનું રોકાણ બહેનોએ પોતાની રીતે કર્યું. બહેનોએ પોતાની રીતે ધંધાનું આયોજન, નાણાંની વ્યવસ્થા, જરૂરી સાધનોની વ્યવસ્થા, પેકિંગ માટે બારદાનના કોથળા, માલનું ગ્રેડીંગ તથા ગુણવત્તા, લીંબોળી સંગ્રહ કરવાની જગ્યા, નફા નુકસાન વગેરેની વ્યવસ્થા બહેનોએ જાતે સમજી તથા ગોઠવી. બહેનોએ નફો પણ મેળવ્યો.*

*નાની તકને મોટા લાભમાં તેઓ રૂપાંતરિત કરી શક્યા તેથી જ ફક્ત ઘર કુટુંબમાં જ નહીં, પરંતુ ટીવી સમાચારના માધ્યમથી અસંખ્ય બહેનો માટે ગર્વ તથા પ્રેરણાના સ્ત્રોત બન્યા.*

*કડવાં લીમડાની તક બહેનો માટે મહેનતનાં મીઠાં ફળ લઈને આવી!*





# 3. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સશક્તિકરણ


દિવ્યાંગ લોકોના જીવન હંમેશાં આંતરિક અને બાહ્ય દુ:ખોના ઓછાયાનો સામનો કરતા હોય છે. પ્રાદેશિક, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે નિશ્ચિત પ્રયાસોના લીધે તેમના માટેના અભિગમમાં ધર્માદાના બદલે ગમે તેવી વિકલાંગતા સાથે સન્માનપૂર્વક જીવન જીવવાના અધિકારનો બદલાવ આવ્યો છે. વર્ષ ૨૦૦૮ ષ ૨૦૦૯માં જ્યારે આતાપી ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનાં ૪ ગામોમાં વિકલાંગ લોકોના જીવનમાં ડોકિયું કર્યું ત્યારે કુટુંબ, સમુદાયો અને તેઓ પોતે પણ સેવાઓ, સ્ત્રોતો અને અધિકારોની અપ્રાપ્યતાના લીધે નસીબથી હારેલા એવી નિરાશાજનક પરિસ્થિતિ હતી. આતાપીએ ૨૦૧૨માં ૧૩ ગામોમાં ઊંડાણપૂર્વક મોજણી કરી જેમાં પણ સમાન પરિણામો જ મળ્યાં. તેના પગલે આતાપીએ પહેલાં ૪ અને પછી ૧૩ ગામોમાં વિકલાંગતા ધરાવતા લોકો સાથે કામની શરૂઆત કરી. શરૂઆતમાં તેમના હકો માટે જાગૃતિ લાવવી, તેમના અધિકારો મેળવવામાં ટેકો આપવો, તેમના અધિકારો અને સેવાઓ માટે સરકારી વિભાગો અને બિન સરકારી સંસ્થાઓ સાથે જોડાણો કરવા પર ભાર મૂકવામાં આવ્યો.

| વિકલાંગ લોકોનું સશક્તિકરણ સમાવેશ અને સંકલન | | | | |
|---|---|---|---|---|
| અધિકાર પ્રાપ્યતાની હિમાયત | શારીરિક પુન:સ્થાપન યોગ | આજીવિકા | સમાવેશક શિક્ષણ | રમતગમત અને મનોરંજન |

વિકલાંગતા પ્રમાણપત્ર, બસ પાસ, સહાયક ઉપકરણો, વિશેષ જરૂરિયાતવાળાં બાળકો માટે છાત્રવૃત્તિ, સામાજિક સુરક્ષા યોજનાઓ તેમની સાથે વિશ્વાસ પ્રસ્થાપિત કરવાનું માધ્યમ બન્યા. ચળવળમાં સ્વનિર્ભરતા અને સાધનો અને ઉપકરણોમાં સહાય, સિવણ, કમ્પ્યુટરમાં ક્ષમતાવર્ધન, વિકલાંગ ખેડૂતોનાં ખેડૂત મંડળો અને વિકલાંગ મહિલાઓના સ્વ-સહાય જૂથો સાથે જોડાણોથી એક નવો વિશ્વાસ અને ઉત્સાહ ઊભો થયો. આતાપીએ અનુભવથી હક અને અધિકારો ક્યાં અને કઇ રીતે મેળવવા તે માટે બીજાને અનુસરવા માટેની બરોબરી કેળવી લીધી.

નિરાશાની દિવાલોને ભેદીને આશાના કિરણરૂપી તિરાડો હવે દેખાવા લાગી, 'હું કંઇ ન કરી શકું'થી 'હું કરી શકું'નું પરિવર્તન શરૂ થયું. સાથેસાથે, રમતગમતો તેમના માટે તેમના નિરાશાના કુંડાળાની બહારથી ઊર્જા અને સાહસનો સંચાર કરીને તેમની ક્ષમતાઓ અને શક્તિઓને પારખવામાં અને વધુ પ્રકાશિત થવા માટે કડીરૂપ બની. તેઓ રાજ્ય દ્વારા પ્રાયોજિત રમતો, ખેલ મહાકુંભમાં ભાગ લેતા થઇને જિલ્લા સ્તરના કાર્યક્રમો તાલુકા સ્તરે આયોજન કરવા માટેનો વિશ્વાસ કેળવતા થયા.

૨૦૧૧-૧૨-૧૩નાં વર્ષો સ્વ, સમૂહ અને સમુદાયમાંથી ઉદ્દ્ભવેલી ચળવળના સાક્ષીરૂપ બન્યાં, જેમાં વિભાજનથી હિતસંબંધોનું સંકલન તરફની ગતિ, કેન્દ્રસ્થાને હતા.




**શક્તિવિકાસ માટે સંકલિત અને સમાવેશક અભિગમ કેન્દ્રસ્થાને હતા.**
સ્થાનિક સ્તરે વિકલાંગ લોકોના પાયાના પ્રશ્નો ઉકેલવા માટે ગ્રામ સ્તરે નાનાં જૂથો બનાવવામાં આવ્યાં. હવે વિકલાંગતા પ્રમાણપત્ર, ઓળખપત્ર, સહાય ઉપકરણો, પેન્શન, સામાજિક સુરક્ષા યોજનાઓ, શાળા શિષ્યવૃત્તિઓ પહોંચેલા ઉચ્ચ નાગરિકો સુધી પહોંચવા માટેના સાધનો બન્યાં. તેની અસરરૂપે ૨૦ ગામોમાં ૪૪ આગેવાનો ઊભા થયા, જેમણે બધા જ પ્રકારના વિકલાંગોને એક છત્ર નીચે લાવવાની પહેલ કરી. 'આતાપી'એ આ આગેવાનીને તૈયાર કરીને લાભાર્થીથી હકદાર અને વ્યક્તિગતથી સામૂહિક અધિકારોના રૂપાંતરણમાં મદદ કરી. આના પરિણામે તાલુકા સ્તરના હિમાયતી જૂથ, વિકલાંગ લોકોની સંસ્થા 'વિકલાંગ પરિવર્તન સંગઠન'ની શરૂઆત થઇ.

| ૨૦૦૯-૨૦૧૦ | ૨૦૧૧-૨૦૧૩ | ૨૦૧૪-૨૦૧૬ |
|---|---|---|
| **સ્વ** | **જૂથ** | **સમુદાય આધારિત સંસ્થાઓ** |
| • હક અને અધિકારો માટેની જાગૃતિ અને ઉપલબ્ધતા<br>• વિકલાંગતા પ્રમાણપત્ર, બસ પાસ<br>• તાલુકા તથા જિલ્લા સ્તરની સંસ્થાઓ સાથે સંકલન, સરકારી વિભાગો સાથે સંપર્ક | • સ્વાશ્રય, ઉદ્યોગ સાહસિકતા અને વેતન રોજગાર માટે ક્ષમતા વર્ધન દ્વારા ટકાઉ આજીવિકા<br>• તબીબી સારવાર અને યોગ જેવી વૈકલ્પિક પદ્ધતિથી પુનઃસ્થાપન | • તાલુકા સ્તરે વિકલાંગો સુધી પહોંચવા માટે વિકલાંગ લોકોનું હિમાયતી જૂથ થ વિકલાંગ પરિવર્તન સંગઠન<br>• વ્યક્તિગત વિકાસ આયોજન સાથેના સમુદાય આધારિત સંકલિત પુનઃસ્થાપન અંગે સ્પષ્ટતા |
| | • રમતગમત દ્વારા મનોરંજન અને સમાવેશકતા માટેનો મંચ ઊભો કરવો - જંબુસર ખાતે તાલુકા સ્તરના ખેલ મહાકુંભનું આયોજન કરવું તથા સહભાગી થવું. | • મૂલ્ય આધારિત સમુદાય આધારિત આગેવાનીનો વિકાસ કરવો.<br>• ૧૫ ગામોમાં સરકારી શાળાઓને કેન્દ્રમાં રાખીને વિશેષ જરૂરતવાળાં બાળકો માટે સમાવેશક અને ગુણવત્તાવાળું શિક્ષણ |

'વિકલાંગ પરિવર્તન સંગઠન' એ માત્ર જંબુસર માટે જ નહીં, પણ એવા અનેક વિકલાંગતા ધરાવતા લોકો માટે આશાનું કિરણ છે જેઓ પરિવર્તનના પ્રકાશ તરફ જવા મથી રહ્યા છે. 'આતાપી'ની વિભિન્ન વ્યૂહરચના સાથેના પરિવર્તનના નમૂના ઊભા કરવા માટે - ગ્રામીણ વાતાવરણની વિકલાંગતાવાળા કે વિનાના સર્વજન માટે ઉપલબ્ધતા માટે, વિશેષ જરૂરિયાતવાળાં બાળકો માટે સર્વસમાવેશક શિક્ષણ, આદર્શ વિકલાંગ ખેડૂતો અને વિકલાંગ ડેરી ખેડૂતો, જેઓ પોતાની ક્ષમતા સાથે ઊંચે જવા માગે છે તેમના માટે સંકલિત અને સમાવેશક વિકાસના આયોજનો, વિકલાંગ



પરિવર્તન સંગઠનનો એક મૂલ્ય આધારિત હિમાયતી મંચ તરીકે વિકાસ, ઓછાયાથી પ્રકાશમાં રૂપાંતરની દષ્ટિમાં પરિવર્તનની યાત્રા ચાલુ જ છે....

## વિકલાંગતા ધરાવતા લોકો સાથેનાં મુખ્ય કાર્યો –

### (ક) અધિકાર અને હકો ઉપલબ્ધ કરાવવા

વિકલાંગો માટે અધિકાર અને હકો મેળવીને સન્માનપૂર્વક જીવન જીવવું એ જ મૂળ પાયાની જરૂરિયાત છે. આતાપીએ મુખ્યત્વે વિકલાંગોમાં તેમના હકો અને અધિકારો માટે જાગૃતિ લાવવાનું,જરૂરિયાત પ્રમાણેના સંબંધિત અધિકારો ઉપલબ્ધ કરાવવા સરકારી વિભાગો સાથે સંકલન કરવું તેમ જ તે અંગે સામુદાયિક આગેવાનોનો શક્તિવિકાસ કરવા અંગે ધ્યાન કેન્દ્રિત કર્યું. ગ્રામ કક્ષાની અને સામુદાયિક મિટિંગોમાં તાલીમ અને જાગૃતિ માટેની મિટિંગોનો પણ સમાવેશ થાય છે.

### (ખ) આગેવાનોની ઓળખ કરી તેમને મજબૂત કરવા

૧૩ ગામોમાં વિકલાંગોને એકત્ર કરી, તેમને જૂથ બનાવવાનું, તેમના અધિકારો મેળવવા માટેના સામુહિક પ્રયાસોનું મહત્ત્વ સમજાવવાથી ગ્રામ, સમુદાય અને તાલુકા કક્ષાએ આગેવાની ઊભી થઇ. ગ્રામ કક્ષાના આગેવાનોએ તેમના ગામના સાથી વિકલાંગોને તેમના અધિકારો ઉપલબ્ધ કરાવવામાં ટેકો આપવાની જવાબદારી ઉપાડી લીધી. ત્યારબાદની પ્રક્રિયાને લીધે ગ્રામ અને સમુદાય કક્ષાએ આગેવાની વધુ મજબૂત બની.

| સ્થાનિક આગેવાની ઊભી કરવાની પ્રક્રિયા | આગેવાની માટેની મિટિંગો | ૧૫ ગામોમાં ૩૦ આગેવાનો |
|---|---|---|
| ગામમાં જૂથ મિટિંગ | આગેવાનની ભૂમિકા અંગેની સમજ | આતાપીના કાર્યવિસ્તારમાં આગેવાની ઊભી કરી |
| આગેવાનોની ઓળખ અને જવાબદારીની સોંપણી | હક અને અધિકારો, સરકારી વિભાગો, પ્રક્રિયા અને દસ્તાવેજો અંગેની સમજ | સ્થાનિક આગેવાનો હક અને અધિકારોની માહિતીનો પ્રસાર કરીને બીજાને પ્રક્રિયા, દસ્તાવેજો એકત્ર કરીને આતાપી/સરકારી વિભાગોને પહોંચાડવામાં મદદ કરે છે. |
| મોટા ગામોમાં સમુદાય મિટિંગ | આગેવાનોને તેમના ગામોના વિકલાંગોની માહિતી (બેઝ લાઇન ડેટા) આપવામાં આવ્યો | એક ગામના આગેવાનની બીજા ગામમાં પ્રેરક મિટિંગ |
| આગેવાનો દ્વારા જવાબદારીઓનો સ્વીકાર અને ગામોમાં આગેવાનોને સ્વીકારવામાં આવ્યા | તાલુકા સ્તરના સંગઠન અને તેની ભૂમિકા વિશે વિચાર | શાળા સાથે જોડાણ અને સરકારી શિબિરોમાં પ્રમાણપત્ર અને સાધનો માટેની મદદ |
| | | નજીકનાં ગામોમાં આગેવાનોએ ખેડૂતોનાં જૂથો અને બહેનોનાં સ્વ સહાય જૂથો બનાવવાની જવાબદારી ઉપાડી છે |

### (ગ) વિકલાંગ પરિવર્તન સંગઠન ન તાલુકા કક્ષાના હિમાયતી જૂથની રચના

વિકલાંગ લોકોની સંસ્થાઓ વિકલાંગ લોકોની સમુદાય આધારિત હિમાયતી સંસ્થાઓ હોય છે, જે સમગ્ર વિશ્વમાં વિકલાંગ લોકોના અધિકારોની ચળવળમાં ખૂબ જ અસરકારક હોય છે.આવી સંસ્થાઓ થકી કાર્યમાં સશક્તિકરણ જોઇ શકાય છે.

દ્વ

દ્વવિકલાંગ પરિવર્તન સંગઠનનએ ૧૫ ગામોની એકત્ર થયેલી આવી આગેવાનીનું પરિણામ છે. ૧૫ ગામોમાં આગેવાની ઊભી કરીને તેમના શક્તિવિકાસના સતત અને અવિરત પ્રયાસોથી વિકલાંગ પરિવર્તન સંગઠનની રચના થઇ. આ સૂચિત સંસ્થા એ વિકલાંગ લોકોની જ સંસ્થા છે, તેમના દ્વારા તેમની જરૂરતો પર કામ કરવા અને તેમનો અવાજ ભરૂચ જિલ્લા તેમ જ આગળ સુધી પહોંચાડવા માટે ઊભી કરવામાં આવેલી સંસ્થા છે.

વિકલાંગ લોકોને એકત્ર કરવા માટે, 'વિકલાંગ પરિવર્તન સંગઠન (વીપીએસ)'ના વિકાસ માટે માસિક મિટિંગો, સમુદાય કક્ષાની મિટિંગો ગોઠવવામાં તેમ જ સરકારી વિભાગો ખાસ કરીને, સામાજિક સુરક્ષા ખાતા અને સરકારી સિવિલ હૉસ્પિટલ તથા અન્ય સમાન વિચારધારા સાથે એ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ સાથે સંકલન દ્વારા સુમેળ સાધવામાં મદદ કરવામાં આવી. આગેવાની માટેની તાલીમ અને વિકલાંગ લોકોની સંસ્થાઓના કાર્ય અને મહત્ત્વને સમજવા માટેના શૈક્ષણિક પ્રવાસો પણ આ સમયગાળામાં યોજવામાં આવ્યા.

દ્વવીપીએસસએ જંબુસર તાલુકાનાં તમામ ૮૧ ગામો સુધી તબક્કાવાર પહોંચવાનો નિર્ણય લીધો. તેમણે આતાપીના કાર્યવિસ્તાર સિવાયનાં અન્ય ૨૫ ગામોમાં મિટિંગો કરી, જેમાં ૩૭૦ વિકલાંગોએ ભાગ લીધો. વર્ષ દરમ્યાન ગામોમાં ૭૬ માસિક મિટિંગો, ૪ સાધારણ સભા અને ૧૫ સમિતિ સભ્યોની મિટિંગો ગોઠવવામાં આવી. 'વીપીએસ'એ ભરૂચ સિવિલ હોસ્પિટલ સાથે રહીને ૯ (૫ તાલુકા સ્તરે અને ૪ જિલ્લા સ્તરે) વિકલાંગ પ્રમાણીકરણની શિબિરોનું આયોજન કર્યું, જેમાં ૨૪૨ લોકોએ ભાગ લીધો.

#### તાલીમ મેળવીને એક સારા આગેવાન તરીકેની ભૂમિકા ભજવી રહ્યો છું

*મારું નામ રમણ સુરસંગ જાદવ. જંબુસર તાલુકા વેડચ ગામમાં રહું છું. હું બીડીકામ કરીને મારું અને મારા પરિવારનું જીવન-ગુજરાન ચલાવું છું. હું નાનપણથી વિકલાંગતા ધરાવું છું. મને ૮૬ ટકા વિકલાંગતા છે. હું ઘોડીના સહારે ચાલું છું. દ્વઆતાપીીના કાર્યકરો મારા ગામમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વે કરવા આવ્યા ત્યારે મારી મુલાકાત તેમની સાથે થઈ. ત્યારપછી મારા ગામમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની મિટિંગ થતી તેમાં હું હાજરી આપતો. તે પછી અમારા વેડચ ગામની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું જૂથ બનાવવામાં આવ્યું, તેમાં હું જોડાયો. ભરૂચ જિલ્લાની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં જાગૃતિ આણવા માટે 'હૅન્ડિકેપ ઇન્ટરનેશનલ' અને 'આતાપી' દ્વારા 'જનજાગૃતિ રથયાત્રા' યોજવામાં આવી હતી. આ યાત્રાના ૧૦ દિવસ દરમ્યાન મને ભરૂચ જિલ્લાનાં બધાં જ ગામોમાં ફરવા મળ્યું અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પરિસ્થિતિ જાણવા મળી.*

*'આતાપી' દ્વારા યોજાતી તાલીમોમાં ભાગ લેવાની મને તક મળી. તેથી મારામાં જાહેરમાં બોલવાની હિંમત વધી. મેં 'સ્નેહધનુષ લીડરશિપ તાલીમ'માં પણ ભાગ લીધો. આ તાલીમથી મારામાં ઘણો બદલાવ આવ્યો. એક આગેવાન તરીકેની જવાબદારી કેવી રીતે નિભાવવી તે મને શીખવા મળ્યું. તાલીમના સફળ પરિણામ રૂપે હું મારા વેડચ ગામની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જૂથની જવાબદારી નિભાવતો થયો. આજે હું ગભરાયા વગર દરેક વ્યક્તિને સારી રીતે માહિતી આપી શકું છું.*

*'આતાપી' દ્વારા જંબુસર તાલુકાનું 'વિકલાંગ પરિવર્તન સંગઠન' રચવામાં આવ્યું છે. આ સંગઠનના કમિટી-સભ્ય બનવાની પણ મને તક મળી છે. અમારા સંગઠન દ્વારા યોજાતી કૌશલ્ય-વર્ધન તાલીમો તેમ જ મળવાપાત્ર અધિકારો અને લાભો સાથેનાં જોડાણોમાં મેં આગેવાની પૂરી પાડી. વળી, ભરૂચ જિલ્લામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે આવેલા 'સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨૦૧૫-૧૬'માં પણ મેં નેતૃત્વ પૂરું પાડ્યું હતું. ખેલ મહાકુંભમાં રમત-ગમતમાં મેં ઍવૉર્ડ રૂપે ૮૦૦૦ રૂપિયા પ્રાપ્ત કર્યા હતા. મારા ગામની વિકલાંગતા ધરાવતી ૫૦ વ્યક્તિઓને દિશા બતાવીને એક સારા આગેવાનની ભૂમિકા ભજવી શક્યો છું તેનો મને આનંદ છે. હાલમાં, મારા ગામના લોકો મારી પાસે માહિતી લેવા આવે છે અને હું તેમને માહિતી આપીને મદદરૂપ થવા તત્પર રહું છું.*

## મારા ગામમાં અને મારા સમાજમાં મારી આગવી ઓળખ ઊભી થઈ

*નામઃ શનાભાઈ મેલાભાઈ માળી*
*ગામઃ ગજેરા, વ્યવસાયઃ પશુપાલન (બકરા ઉછેર)*
*વિકલાંગતાનો પ્રકારઃ અસ્થિ-વિષયક ૪૦ ટકા*

*હું બાળપણથી ડાબા પગે વિકલાંગતા ધરાવું છું. હું પશુપાલનનું અને લગ્ન પ્રસંગોમાં ફૂલદાનીનું કામ કરું છું. છેલ્લાં છ વર્ષથી 'આતાપી' સાથે જોડાયા પછી મારો વ્યક્તિગત વિકાસ ખૂબ થયો છે. પહેલાં હું એક કંપનીમાં નોકરી કરતો હતો. તે કંપનીમાંથી મને છૂટો કરવામાં આવ્યો હતો. તેથી બેરોજગાર હતો. તે વખતે મને ડર પેસી ગયો હતો કે હવે મારાથી કંઈ નહીં થાય. દરમ્યાન 'આતાપી' સંસ્થાના કાર્યકરોએ મને સ્નેહધનુષ તાલીમમાં જોડાવા કહ્યું. પહેલી તાલીમ પાલડી ગામે 'વિવેક ટ્રેનિંગ સેન્ટર'માં યોજાઈ હતી. તેમાં ૯૦ સહભાગીઓને મળીને મને ખૂબ આનંદ થયો. લોકોને કેવા ટેકાની જરૂર છે તે જાણવા મળ્યું અને એક ઉમદા આગેવાનમાં કેવા ગુણ હોવા જોઈએ તે અંગેની સમજ કેળવાઈ.*

*ચારેચાર સ્નેહધનુષ તાલીમમાં એક પણ દિવસની રજા પાડ્યા વગર ૧૩ દિવસની તાલીમ મેળવી. મને એક સારો મંચ મળ્યો, બોલવાની તક મળી અને બધા જ આગેવાનોનો સહકાર મળ્યો. તકવંચિતોને સરકારી યોજનાના અને કાયદાકીય બાબતોના લાભ કઈ રીતે અપાવવા તે શીખવા મળ્યું. મનની શંકાઓ અને ડર દૂર થયાં. તાલીમ પછી મારા ગજેરા ગામની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જરૂરિયાત પ્રમાણે દાક્તરી પ્રમાણપત્ર મેળવવા માટે કૅમ્પમાં સામેલ કરાવ્યા તેમ જ તેમના હક્કો અને મળવાપાત્ર લાભો અપાવ્યા.*

*પહેલાં, ગામ કક્ષાની મિટિંગોમાં હું હાજર રહેતો નહોતો, પરંતુ લીડરશિપની તાલીમ લીધા પછી મિટિંગોમાં હાજર રહી રસ લેતો થયો. ઉપરાંત, ગામના વિકલાંગતા ધરાવતા લોકોને પણ જોડ્યા. 'આતાપી' સાથે જોડાયા પછી આજે મારા ગામમાં અને ફૂલમાળી સમાજમાં હું મારી આગવી ઓળખ ઊભી કરી શક્યો છું.*

## ફિરોઝાબહેને કર્યો સ્વવિકાસ અને અન્યનો વિકાસ

*ફિરોઝાબહેન સિદ્દીકભાઈ નેકી, જંબુસરમાં રહે છે. ૩૫ વર્ષનાં ફિરોઝાબહેન ૧૧મા ધોરણ સુધી ભણેલાં છે. તેમનો જન્મ અંકલેશ્વરમાં થયો હતો અને તેમને જન્મજાત પોલિયો છે. વિકલાંગતાને લીધે તેમના પરિવારના લોકોમાં તેમના પ્રત્યે જુદો દૃષ્ટિકોણ હતો. તેમને જરૂરિયાતની ચીજો પણ માંગવી પડતી. થોડા વખત પછી, એક પગે વિકલાંગતા ધરાવતા યુવાન સાથે તેમનાં લગ્ન થયાં. ફિરોઝાબહેન 'આતાપી' સાથે છેલ્લાં પાંચ વર્ષથી જોડાયેલાં છે. તેમને અલગ-અલગ સંસ્થાઓની મુલાકાત લેવાની અને શીખવાની તક મળી છે. તેમણે 'આતાપી'માંથી સિલાઈ કામની ત્રણ મહિનાની તાલીમ લીધી છે. આ તાલીમને કારણે તેઓ પગભર બન્યાં છે અને સિલાઈ કામની આવકમાંથી ઘરખર્ચ કરતાં થયાં છે.*

*એક ઉમદા આગેવાન બનવા માટે તેમણે સ્નેહધનુષ તાલીમમાં પણ ભાગ લીધો. તાલીમથી તેમનું વ્યક્તિત્વ ખીલ્યું. તેમના સમાજમાં સ્ત્રી ઘરની બહાર ન નીકળી શકે એવી માન્યતા હતી, પણ તેમના પતિ તથા બાળકોના સહકારથી તેઓ પોતાનો વિકાસ સાધી શક્યાં. 'આતાપી'ના મદદ અને માર્ગદર્શનથી રચાયેલા દ્વિવિકલાંગ પરિવર્તન સંગઠનમાં પણ તેઓ સક્રિય કમિટી-સભ્ય બન્યાં. તેમણે વિકલાંગતા ધરાવતા બીજા લોકોને પણ માહિતગાર કરી જુદીજુદી યોજનાઓનો લાભ અપાવ્યો.*

*ખેલમહાકુંભમાં પણ તેમણે ભાગ લઈને રમતમાં રૂ. ૧૦,૦૦૦નો પુરસ્કાર મેળવ્યો હતો. પુરસ્કારની રકમમાંથી તેઓ તેમના ઘરનું રિપેરિંગ કરાવી શક્યાં. 'આતાપી'માં જોડાવાથી ફિરોઝાબહેનનો વિકાસ થયો, સાથે સાથે તેમણે મુસ્લિમ સમાજની મહિલાઓને 'આતાપી' સાથે જોડી વિકાસના પંથે આગળ ધપાવી.*

# ૪. સૌ માટે સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ

'આતાપી'એ ગજેરા ગામના દેવીપૂજક સમુદાયનાં બાળકો સાથે કાર્ય કરવાની પહેલ કરી છે. ગજેરા ગામની શાળામાં શિક્ષણનું નબળું સ્તર, અનિયમિત હાજરી, કપાસની ઋતુમાં સૌરાષ્ટ્રમાં સ્થળાંતર કરી જતા વાલીઓના સવાલો જેવા મુખ્ય મુદ્દાઓ છે.

દેવીપૂજક સમુદાયનાં ૨૫ બાળકો સાથે સમર કૅમ્પ યોજવામાં આવ્યો. તેમાં વાચન, લેખન, ગણન ઉપર ભાર મૂકવામાં આવ્યો. ઉપરાંત, આર્ટ્સ અને ક્રાફ્ટ્સની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. જંબુસરના વિદ્યાર્થીઓ, જર્મનીથી આવેલા ઈન્ટર્ન્સ તથા ટીએમએલ ઈન્ડસ્ટ્રિઝના સ્વયંસેવકો તજજ્ઞ વ્યક્તિઓ તરીકે સહભાગી થયા હતા. સામુદાયિક નેતૃત્ત્વની તાલીમ દરમ્યાન ૩ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોનું ક્ષમતા-વર્ધન કરવામાં આવ્યું.

# ૫. સ્નેહધનુષ નેતૃત્વ તાલીમ કાર્યક્રમ

**હેતુઓ:**

- સમુદાયના વિકાસ માટે, સમુદાયમાંથી જાગૃત અને મૂલ્યનિષ્ઠ આગેવાનોનું જૂથ તૈયાર કરવું.
- આ આગેવાનોમાં પોતાના સમુદાયોની સામાજિક, આર્થિક, રાજનૈતિક અને સમાવેશક વાસ્તવિકતાઓની સમજ ઊભી કરવી.
- આગેવાનો પોતાનામાં રહેલી ક્ષમતાઓ અને શક્તિઓ શોધે, અનુભવે તેમ જ આત્મવિશ્વાસ કેળવે તે માટે તેમને ટેકો પૂરો પાડવો.
- આગેવાનોમાં અસરકારક નેતૃત્વ લેવાની ક્ષમતાઓનો વિકાસ કરવો. તે અંતર્ગત તેમનામાં નિર્ણય લેવાની, સંકલન અને સંચાલન કરવાની, સંવાદ સાધવાની તેમ જ સહાયક તરીકે મદદ પૂરી પાડવાની આવડતોનો વિકાસ કરવો.
- વૈજ્ઞાનિક અને ટકાઉ ખેતી, બહેનો અને આજીવિકા, વિકલાંગતા અને સમાવેશ, સમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ જેવા મહત્ત્વના મુદ્દાઓ અંગે માહિતી અને જ્ઞાન પૂરાં પાડવાં.

સ્થાનિક સમુદાયમાંથી પ્રતિબદ્ધ, આત્મવિશ્વાસથી સભર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિતના ૭૫ આગેવાન ભાઈઓ-બહેનો, 'આતાપી' દ્વારા આપવામાં આવતી સ્નેહધનુષ તાલીમ લઈને સક્ષમ બન્યા છે. આ આગેવાનો ખૂબ સ્નેહ અને ઉત્સાહપૂર્વક 'આતાપી'ની વિચારધારા, ધ્યેય તથા મૂલ્યોને અનુરૂપ સામુદાયિક વિકાસનું નેતૃત્વ લેતા થયા છે. આ તાલીમના ચાર મૉડ્યુલમાં બધા જ તાલીમાર્થીઓને સંકલિત તાલીમ આપવામાં આવી. બીજું અને ત્રીજું મૉડ્યુલ, બહેનો ખેડૂતો તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં જ્ઞાન, વલણ, આવડત આધારિત વિશેષ મૉડ્યુલ હતું. ચોથું મૉડ્યુલ બધા જ તાલીમાર્થીઓ માટેનું સંકલિત તાલીમ મૉડ્યુલ હતું.

**સ્નેહધનુષ તાલીમ કાર્યક્રમથી આવ્યો હકારાત્મક બદલાવ**

સમગ્ર તાલીમ કાર્યક્રમની સમુદાયમાં હકારાત્મક અસર ઊભી થઈ છે. તાલીમ મેળવ્યા પછી સ્થાનિક સમુદાયમાં રહેલી નેતૃત્વ-શક્તિ ઊભરી આવી છે. સ્થાનિક આગેવાનોમાં વાતચીત કરવાની અસરકારક કળા વિકસી છે. હવે સમાજમાં તેમને માન-સન્માન મળી રહ્યું છે. હવે લોકો ગામની ગ્રામસભામાં હાજર રહેતા થયા, એટલું જ નહીં પણ ગામના અને વંચિત સમુદાયના

પ્રશ્નોની અસરકારક રીતે રજૂઆત કરતા પણ થયા છે.

તાલીમબદ્ધ આગેવાનો હવે સ્થાનિક સ્તરનાં સંગઠનોના મજબૂતીકરણમાં યોગદાન આપતા થયા છે. તેઓ હવે નિયમિત રીતે જૂથોની મિટિંગો યોજે છે. તેમ જ એફપીઓ માટે લાંબાગાળાનું આયોજન કરવાની જવાબદારી લેતા થયા છે. તાલીમ પામેલા આગેવાનોએ હવે નબળાં જૂથોના નેતાઓને શોધીને તેને મજબૂત કરવાનાં કાર્યો ઉપાડી લીધાં છે. ઉપરાંત, આંતરિક સંકલન કરીને સામૂહિક શક્તિથી ગરિમા ઉત્સવ જેવા કાર્યક્રમોમાં સહભાગી થઈ કાર્યોને સફળ બનાવતાં થયાં છે.

સ્નેહધનુષ તાલીમની સામાજિક રીતે પણ નોંધપાત્ર અસર થઈ છે. લોકોના વિચારોમાં બદલાવ આવ્યો છે અને ઊંચનીચના ભેદભાવો પણ ઓછા થયા છે. મહિલાઓ અને પુરુષોના સંબંધોમાં પણ હકારાત્મક બદલાવ આવ્યો છે, જેથી સાથે મળીને કામ કરવાની ટેવ પડી છે. વળી, ભ્રષ્ટાચાર, ધર્મ, જ્ઞાતિ ભેદભાવ વગેરે અંગેના વિચારોમાં પરિપકવતા આવી છે. આગેવાનો હવે છેવાડાના લોકો સાથે કાર્યો કરવાની પહેલ કરતા થયા છે. નોંધપાત્ર વાત એ પણ છે કે, તાલીમ લઈને સક્ષમ થયેલા આ આગેવાનો મૂલ્ય આધારિત કામગીરી ઉપર ખાસ ભાર મૂકી રહ્યા છે.

# ૬. વિવિધ કૉર્પોરેટ-જૂથો સાથે જોડાણ

વિકાસ અને વૃદ્ધિ માટે જોડાણ, ભાગીદારી તથા સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવો અતિ-આવશ્યક છે. સ્થાનિક વિસ્તારના વિકાસ તથા વૃદ્ધિ માટે જુદીજુદી શક્તિ અને સંસાધનોને સંકલિત કરવામાં 'આતાપી' માને છે. તેમાં સરકારી, અર્ધ-સરકારી, બિન-સરકારી સંસ્થાઓ, કૉર્પોરેટ્સ અને સમુદાય સામેલ છે. 'આતાપી'નાં સાત વર્ષના કેન્દ્રિત પ્રયાસોના પરિણામ સ્વરૂપે સંસાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે સંકલન અને જોડાણ કરવાનો ફળદ્રુપ મંચ રચાયો છે.

સ્થાનિક વિસ્તારના સર્વાંગી વિકાસ માટે જરૂરિયાત આધારિત, આયોજનપૂર્વકની, સતત અને કેન્દ્રિત પહેલ કરવામાં સ્થાનિક વિસ્તારની કૉર્પોરેટ બિરાદરી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. સ્થાનિક વિસ્તારના વિકાસ માટે ટીએમએલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ અને ટ્રાન્સપેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સંચાલિત ઍક્સેલ ગ્રુપ કંપનીઝ તેમ જ પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા શરૂ કરાયેલા પીઆઈ ફાઉન્ડેશન સાથેનું જોડાણ એ 'આતાપી'નાં કૉર્પોરેટ-જૂથો સાથેનાં જોડાણો છે.

**અસ્મિતા પ્રોજેક્ટ થકી પીઆઈ ફાઉન્ડેશન સાથે જોડાણ**

દ્વઆતાપીી એ વર્ષ દરમ્યાન નઅસ્મિતા પ્રોજેક્ટટ મારફતે 'પીઆઈ ફાઉન્ડેશન' સાથે જોડાણ કર્યું. ંઅસ્મિતા પ્રોજેક્ટટ, બચત અને ધિરાણની પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. જંબુસર તાલુકાના પાંચ ગામોમાં તેનો વ્યાપ છે.

**આગામી વર્ષ ૨૦૧૬-૨૦૧૭**

આગામી વર્ષ ૨૦૧૬-૨૦૧૭નો મુખ્ય ભાર જ્ઞાન અને નેતૃત્વના સંકલન ઉપર રહેશે. સામુદાયિક આગેવાનોની તાલીમનો બીજો તબક્કો, આગેવાનો દ્વારા સ્થાનિક સ્તરના વિકાસલક્ષી પ્રશ્નો ઓળખવા અને તેના ઉકેલ માટે કામ કરવા ઉપર કેન્દ્રિત રહેશે.

'આતાપી'ના સ્તરે 'મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ'ને મજબૂત બનાવવામાં આવશે. સામુદાયિક

આગેવાનો દ્વારા ચોક્કસ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે પુરાવા આધારિત સંશોધન તથા હિમાયત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરીશું. પ્રત્યેક કાર્યક્રમ વધુ ને વધુ સર્વસમાવેશી તથા ગુણવત્તાભર્યા બનાવવામાં આવશે.

| આતાપી સેવા ફાઉન્ડેશન અંગેની પ્રાથમિક માહિતી | |
|---|---|
| નોંધણીની તારીખઃ | ૧૦ નવેમ્બર ૨૦૦૯ |
| સંસ્થાનો પ્રકારઃ | બિન-નફાકારક કંપની |
| | કલમ-૨૫ હેઠળ લાઈસન્સ નં. આરડી/ ૨૫(૧) / એસટીએ/ ૮/ ૦૯/ ૬૧૩૦ તા. ૧૫ ઑક્ટોબર ૨૦૦૯<br>ઈન્કમ ટેક્સ ઍક્ટ ૧૯૬૧ હેઠળ તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ ૧૨-એ<br>બીઆરડી/ એ એ-આઈ (મેઈન) / ૧૨એ/ ૮૬/૭૮૧/૨૦૦૯-૧૦, ઈન્કમ ટૅક્સ ઍક્ટ<br>PAN_AAICA1071G |
| ટૅક્સ બેનિફિટ માટે માન્યઃ | આતાપીને આપેલું દાન ઈન્કમ ટૅક્સ ઍક્ટ, ૧૯૬૧ના કલમ-૮૦ જી હેઠળ મુક્તિને પાત્ર છે. |
| ગજેરાનું સરનામું: | આતાપી સેવા ફાઉન્ડેશન, લાલ બંગલો, ગાંધી દરવાજો, મુ. ગજેરા, તા. જંબુસર, જિ. ભરૂચ-૩૯૧૮૧૦ ફોનઃ ૦૨૬૪૪-૨૩૩૧૭૧ |
| વડોદરાનું સરનામું: | ૩૦૧, બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦૦૦૭ |
| ઈ-મેઈલ: | aatapi@aatapi.org |
| website_ | aatapi.org |

## આતાપીનું ગવર્નિંગ બૉર્ડ

- **શ્રી ગગન શેઠી, ચેરપર્સન** — હ્યુમન એન્ડ ઈન્સ્ટિટ્યૂશન ડેવલપમેન્ટ એક્સપર્ટ, ડેવલપમેન્ટ ઍજ્યુકેટર, જેન્ડર ટ્રેઈનર
- **શ્રી તુષાર દયાળ, ડાયરેક્ટર** — બિઝનેસમેન, એનજીઓ મેનેજમેન્ટ, પ્રોફેશનલ કૉચ, ટ્રેઝરી મેનેજમેન્ટ એન્ડ ઑડિટ
- **શ્રી અરૂણા લાખાણી, ડાયરેક્ટર** — રૂરલ ડેવલપમેન્ટ, વીમેન ઍમ્પાવરમેન્ટ, લાઈવલીહૂડ, ડોનર રીલેશન્સ
- **શ્રી અમી શ્રોફ, ડાયરેક્ટર** — વીમેન એન્ડ લાઈવલીહૂડ, હૅન્ડીક્રાફ્ટ
- **શ્રી રમણિક પટેલ, ડાયરેક્ટર** — કૉર્પોરેટ મેનેજમેન્ટ, ઍડમિનિસ્ટ્રેશન, ગવર્નન્સ
- **શ્રી અર્ચના શ્રીવાસ્તવ** — ડેઝિગનેટેડ સીઈઓ

# Aatapi Sewa Foundation

## Summary of the Annual Activities

## 2015-2106

## Introduction

Aatapi foundation, in its seven years has lended service for the upliftment of community. With a view to provide a dynamic, progressive and responsive community, change in the agriculture sector, empowerment of women and physically disabled people and quality education, the foundation has laid fruitful platform to unite these kind of associations and provide maximum benefits.

The goal and motivation for Aatapi foundation comes from the word Aatapi. The word is from Pali language, "***Aa" means in all direction and TAPI means TAPH (means to work hard). Committed, sincere, comprehensive, and striving hard*** stand for AATAPI foundation. Above this, organization and people who have common goal and commitment are working towards same direction. Capacity building of people and raise their conscious, internal strengths is another goal of Aatapi. The organization believes in creating better life by giving knowledge and expertise. The organization mainly focuses on improvement and betterment in the life of farmers, handicapped, and women especially widows. It acts as a catalyst and works in tandem with partner agency

## Purpose and approach

- To protect the human rights and encourage them
- Self respect, safety, equality and peace
- Overall development of villages
- To churn out the internal capacities during community participation

## Strategy

To encourage, build capacities of community leaders and community based organization. There is also tie up with different organization for financial aid like TML, Navajibai Ratan Tata Trust, SFCT, P. I. Foundation and Excel Industries Ltd. Aatapi Foundation is working in the 20 villages of Jambusar Taluka, in Bharuch District. The major areas of work undertaken by the foundation is given below

**Agriculture Development:** was mainly initiated to bring around a change in the financial and social status of small and marginal scale farmers. The field area of the foundation comprises of 87% marginal and small farmers. In the year 2015-2016, the foundation under the Farming and production improvement programme concentrated on long term and sustainable farming techniques. Leadership development programme, creation of communication centers, collection of rain water etc were undertaken. The farmers group was joined with Aatma Project. **70 farmers groups was formed which includes around 1035 members**. Women associated with farming were recognized as farmers and new identity was created for them.

The development programme helped in improving income and change in the farming practices" "***40 yr old Gamelbhai Dhulabhai Parmar, Ubera village would use around 50 kg DAP and 150 Kg urea for cotton farm but could gain around 800 kg of cotton produce, but by being member of the farmers' federation, attending meeting, he gained knowledge about soil testing, and based on the results he used, 15 kg of DAP and 50 kg urea and 2 tractor cow dung. This gave him around 1200kg cotton produce."*** 79 farmers participated in training of soil testing of which 72 farmers opted for testing soil samples in Vadodara based Gujarat State Fertilizers and Chemicals. The results of the soil testing helped in improving their production by 20 to 30%. They gained knowledge that micronutrients are also essential for the crops and have started using them. 166 farmers are using tricodermia powder in the farms which has not only prevented crop diseases but increased crop produce by 10 to 20%.

***Vadech village Dilipbhai Jadhav is one of the many beneficiaries who used tricodermia and got the benefit of more farm produce***. During the year, 335 farmers participated in three P.O.P trainings and 360 farmers participated in two integrated pest management trainings. The training included technical details like sowing seeds, use of fertilizers till production of final farm produce. Vermi compost fertilizer utilization training was also organized in which 107 men and women participated. During the year, 56 farmers prepared compost bed. Strengthening of farmers group was done by organizing 105 group meeting in which 1550 members participated. During the group and cluster meeting an understanding about the need, importance and process of farmer's producer's company formation were given. As a result in ten villages, 250 farmers formed Farmers Producers Company. Four leadership trainings were given in which 42 farmers participated. Total share capital of Rs 2, 18,000/- was collected from 218 farmers. 80 farmers were linked with Joint Liability Scheme and they received loans amounting to Rs 21.55 Lac. 56 Farmers were linked with horticulture plantation and they collected Rs 38,430 and brought different varieties of saplings.

Storing rain water was another important aspect of agriculture development programme. Under this, the work of repairing two ponds in Piludara got approval from the Gujarat Land Development Corporation which helped in providing water to 50 acre of farm land.

***Pravinsinh Ajabsinh Raj of Daba village has not only reaped benefit of technology through the programme but has gained lot of knowledge and developed his internal skills. He is currently enjoying the position of President of the Farmers Producers Association. The confidence in leading an association was derived after attending the leadership workshop by Aatapi.***

All this efforts has led to decline in the use of chemical fertilizers and more and more people are opting for organic fertilizers, compost, vermi compost etc. Termite problem is under control and crop diseases have declined. Knowledge base of farmers' has improved and financial and social stability could be attained.

**Women and Livelihood**

The main purpose of this programme is to bring about change in the financial, social and legal situation of deprived/ backward and middle class women. The work undertaken by the programme includes:

- Access to the right and hospitalization facilities (especially single women and the elder Strengthening women in field of agriculture
- To strengthen the underlying trend of the traditional sources of income (farming and ranching)
  1. Women's Empowerment in Agriculture
  2. Promote scientific methods in animal husbandry
  3. Strengthening women's milk societies
- Saving light consumer credit activity through co-operative savings and credit
- Find alternative sources of livelihood and to raise revenues to strengthen it (the productive welfare society, recycled plastic, training and other skills)
- Empower leaders

73 groups were formed with 1451 members and total savings of this group is Rs 28, 74,150. Monthly meetings, accounts training, trainings of people handling administration, linkages with bank, and activities for social responsibilities were conducted to improve the efficiency of the groups. There are around 35 groups which are self sufficient and working independently. 30 leaders have been moulded to look after the SHGs. 20 women are holding different positions and doing varied social responsibility activities. The ***Neem*** seeds available at doorstep became a source of income for women. Collecting and segregation of seeds as per the quality and selling to GNFC for producing neem coated urea has helped women in earning between Rs 4000 to Rs 2,00,000. Total 91.732 metric tonne of neem seed was collected. Eight women came out as business partners. Jamnaben Dalpatbhai Jadhav is an example of this.

***Ujaas Mahila Bachat Dhiran Grahak Sahakari Mandali*** has 1391 members and the total savings amounts to Rs 28, 66, 650. Internal loans have been given to 439 members amounting to Rs 48, 66,500. The annual meeting held at Vadech village was attended by 200 women. ***Ujaas Karobari samiti was strengthened by regular inputs in 12 Karobari Samiti Meetings***, 2 trainings were organized with support from ***Sahiyer Jo Sangathan and*** exposure

visit to Kutch ***Sahiyer So Sangathan*** was organized to interact in depth with ***Karobari Samiti***. Women have been oriented to attend ***Gram Panchayat*** meetings.

Women and Livelihood program progressed with ***3 new women dairies being registered***. Now there are four women dairies with 417 members, total sale ***of 2, 26,932 litres milk*** and turnover ***of Rs 1, 14, 96,502***. ***386 persons*** were linked with Joint Liability Scheme and they accessed loans amounting ***to Rs 100.55 Lac*** in the reporting period.

***158 women*** participated in ***3 Scientific Animal Husbandry Practices*** training organized in Vedach, Uber and Piludara villages with support of Baroda **Swarojgar Vikas Sansthan** and Deepak Foundation. Annual General Meeting of 2 dairies were held in which 225 women participated. 60 new cattle were purchased in the area. "***Niruben Yogendrasihn Jadhav is member of Self help group, a village leader, President of the group, and business member of Kamboliya Women Milk production cooperative, the varied role she is handling is possible due to animal husbandry training and thereafter she introduced 30 members to Animal health workshop powered by 'Aatma.***

110 single women were included in Self Help Groups, disability Groups and Farmers groups formed at village level. 5 women received their widow pension, 24 were linked with old age pension scheme. ***Kamlaben Dhirajbbhai Jabu of Gajera village was single mother whose husband left her after birth of daughter. She relentlessly tried for 15 years to avail the benefits of government schemes but didn't have any address proof. The organisation helped her in getting ration card.***

### Empowerment of persons with disabilities

The foundation in its survey in the four villages of Jambusar Taluka during year 2008-09 found that the condition of people with disability was very gloomy. The same result was seen in the year 2012 in 13 villages of the district. The foundation decided to bring around change in the attitude of people with disability. The foundation on the basis of its experience brought a new lease of life to the persons with disability. ***The feeling of I can't do anything changed to I can do***! Participation in state organised games and events, ***Khel Mahakumbh***, district and local level games began. Local groups were formed to resolve basic issues. Disability certificate, identity card, aids for disability, pension, social security schemes, and school scholarship programmes to become the tools to reach heights.

***Viklang Parivartan Sangathan*** (VPS) was formed by leaders. VPS took a decision to reach all 81 villages of Jambusar block phase wise. They conducted 25 meetings in villages other then Aatapi work area in which 370 persons with disabilities participated. 76 monthly meeting is existing

villages, 4 general meetings and 15 committee members meetings were conducted in the year. VPS organized 9 (5 at Block level and 4 and district level) Disability Certification camps with Civil Hospital Bharuch in which 242 persons participated.

VPS organized district level Loco motor disability ***Khel Mahakumbh*** in which ***190 players*** with physical disability participated from all over district. 35 players participated at state level. **40 children with mental impairment** participated in district level **Khel Mahakumbh** of children with mental disabilities. ***Raman Sursang Jadhav of Vadech village, who is 86% handicap used to do bidi work. 10 day Rally in Bharuch district for people with disabilities organized by Handicap international and Aatapi and Snehdhanush Leadership programme trained me to take responsibilities. I could change the perception of 50 handicap people of my village and I also participated in Khel Mahakumbh and bagged Rs 8000 cash prize.***

Focussed efforts were made to strengthen livelihood of persons with disabilities. **Livelihood of 70 persons with disabilities was strengthened**. 22 persons were linked with self employment, 20 were linked with agriculture and animal husbandry activities, 3 skill trainings were organized in which 75 men and women participated. 6 persons were linked with job in nearby industries. "***Firozaben Siddiqbhai Neki, has polio and she was married to Siddiqbhai who is also handicap. Firozaben underwent the three month tailoring course by the foundation and participated in the Snehdhanush training. The motivation of her husband and children helped her in becoming an active member of Viklang Parivartan Sangathan and she is transforming lives of women from her community.***

Inclusive education for children with special need was focussed in this year. Efforts were made to integrate 149 children with special need in school, link them with scholarships. Regular meetings with parents to resolve issues of children at school level were organized.

## INCLUSIVE AND QUALITY EDUCATION FOR ALL

Aatapi initiated its intervention with children of Devipujak community in Gajera village. There are issues of non regularity in school, migration of parents to Saurastra for cotton harvesting season etc.

Summer camp was organized with 25 children of this community at Gajera where reading, writing and comprehension was focus along with arts and crafts activities. Student volunteers from Jambusar, interns from Germany and volunteers from TML industries participated as resource persons in the camp.

3 School Management Committee members were strengthened as part of their capacity building during community leaders training.

**CAPACITY BUILDING OF COMMUNITY LEADERS THROUGH SNEHDHANUSH PROGRAM**

- Group of leaders to be created within the community for its strengthening
- To create an understanding among the leaders about the social, economic, political reality
- To churn out the internal strengths and qualities of leaders and to support them for the experience and confidence
    - t the internal strengths and qualities of leaders and to support them for the experience and confidence

They should be able to take effective steps for better decision making and see to it that the decisions are implemented. They should be able to lend support and strike proper communication during progressive decisions.

They should be able to guide people on use of technology and sustainable farming methods, women and livelihood, incorporation of disabled in mainstream and quality education. 75 Community leaders from 8 villages participated in four modules of Snehdhanush program. Out of 4 modules – 2 were on overall leadership strengthening and 2 were issue specific knowledge building modules.

The outcome of these trainings is the community leaders are now able to communicate effectively. There is a confidence in their leadership as they are being acknowledged by their community. More people are participating in the gram sabhas and are able to effectively put forward the difficulties faced by the villagers. Regular meetings of the groups and SHGs are being held and weak leaders of the group are being trained by the efficient ones. They are also looking at long term sustainable methods for the groups. Apart from these, there is change in the mindset of people as the caste and community barrier has fallen. There is a positive change in the male and female relationship and they have now learnt to work together. Leaders are now looking at working with people residing at far off places and the best part is that community leaders are focussing on values as the base for their work and not looking at religion, caste etc of the person.

**Tie up with different corporate**

For area development and progress, the strength of different organisation should be utilized. The local corporate can play an important role in progress and development by initiating need based organized effort. Axel Group of Companies, as well as operated by TML Industries Limited and TRANSPAC Industries Ltd. for the development of the local area. PI

Industries Ltd launched P I Foundation in connection with Aatapi corporate groups. P I Foundation is providing saving and lending activities for women empowerment in the five villages of Jambusar through Asmita project

**I. PROSPECTS 2016-17**

Taking forward from this year, 2016-17 will focus on knowledge and leadership consolidation. The second phase of leadership training of community leaders will focus on identification of development issues at grass root level by the leaders and working on solutions for the same.

Strengthening of MIS at Aatapi level, evidence based research and advocacy on specific issues through community leaders will be focussed. Each program will be more inclusive and quality oriented.

**આતાપી સેવા ફાઉન્ડેશન**
લાલ બંગલો, ગાંધી દરવાજા,
ભરૂચ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટિવ બેન્ક પાછળ,
ગામ: ગજેરા, તા. જંબુસર,
જિ. ભરૂચ. પીન: ૩૯૧૮૧૦
ઇ-મેઈલ: aatapi09@gmail.com